TUESDAY
૨૩-૦૨-૨૦૨૧
વિ.સ. ૨૦૭૭, મહા સુદ ૧૧
અંક : ૧૧૯
કુલ પાના : ૮

સત્ય માટે, સત્ય સાથે સતત..

# ચક્રવાત

રાજકોટથી પ્રસિદ્ધ થતું અને બહોળો ફેલાવો ધરાવતું દૈનિક અખબાર....




● મેનેજિંગ તંત્રીશ્રી : જિજ્ઞેશભાઈ કાલાવડીયા ● તંત્રીશ્રી : યાકુબ આર. બાદી ● એસો. એડીટર : જે.પી. જાડેજા ● હેડ ઓફિસ : ચક્રવાત ભવન, અંબાજી કડવા પ્લોટ, આનંદ બંગલા ચોક પાસે, મવડી રોડ, રાજકોટ. ● વર્ષ : ૭ ● RNI Reg. No.GUJGUJ/2013/66120 ●કિંમત રૂા. ૪

### કોરોનાની ત્રીજી લહેરની આગએ રોકાણકારોને દઝાડ્યા : સેન્સેક્સ ૧૧૪૫ પોઈન્ટના કડાકા સાથે ૫૦ હજારની સપાટી ગુમાવી

# આખલો પટકાયો : રોકાણકારોના ૪.૧ લાખ કરોડનો ભૂક્કો

મુંબઈ,તા.૨૨

વૈશ્વિક બજારના ઉતાર-ચઢાવના પગલે ભારતીય શેરબજારોમાં સપ્તાહના પ્રથમ દિવસે ઘટીને બંધ રહ્યાં હતા. સેન્સેક્સ ૧૧૪૫ અંક ઘટી ૪૯૭૪૪ પર બંધ રહ્યો છે. જ્યારે નિફ્ટી ૩૦૬ અંક ઘટી ૧૪૬૭૫ પર રહ્યો છે. ઘટાડાના પગલે લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ ૪.૧ લાખ કરોડ રૂપિયા ઘટીને ૧૯૯.૮૮ લાખ કરોડ રૂપિયા થઈ છે. જે શુક્રવારે ૨૦૩.૯૮ લાખ કરોડ રૂપિયા હતી.

સેન્સેક્સ પર ડો.રેડ્ડી લેબ્સ, એમએન્ડએમ, ટેક મહિન્દ્રા, એક્સિસ બેન્ક, ઈન્ડસઈન્ડ બેન્ક સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. ડો.રેડ્ડી લેબ્સ ૪.૭૭ ટકા ઘટીને ૪૪૬૧.૮૫ પર બંધ રહ્યો હતો. એમએન્ડએમ ૪.૫૧ ટકા ઘટીને ૮૩૬.૯૦ પર બંધ રહ્યો હતો. જોકે ONGC, કોટક મહિન્દ્રા, HDFC બેન્કના શેર વધીને બંધ રહ્યાં હતા. ઓએનજીસી ૧.૧૪ ટકા વધીને ૧૦૬.૩૦ પર બંધ રહ્યો હતો. HDFC બેન્ક ૦.૬૪ ટકા વધીને ૧૫૪૮.૬૫ પર બંધ રહ્યો હતો.

**નિફ્ટી ૩૦૬ના કડાકા સાથે ૧૪,૬૭૫ની ટોચે : લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ ૪.૧ લાખ કરોડ રૂપિયા ઘટી**

રોકાણકાર દેશમાં કોરોનાના વધતા મામલાઓથી નર્વસ છે. કારણ કે મહારાષ્ટ્ર, કેરળ સહિત દેશના ૧૬ રાજ્યોમાં મામલાઓ સતત વધી રહ્યાં છે.

યુરોપના શેરબજાર બપોરે ભારે ઘટાડા સાથે ખુલ્યા. તેમાં બ્રિટનનો FTSE ઈન્ડેક્સ, ફ્રાન્સનો CAC અને જર્મનીનો DAX સામેલ છે. ઈન્ડેક્સમાં ૧-૧ ટકાથી વધુ ઘટાડો છે.



ઘરેલુ બજારના અગ્રણી શેરોમાં ભારે ઘટાડો છે. તેમાં રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, TCS, ઈન્ફોસિસ, HCL ટેક, સહિત SBI સામેલ છે.

એક્સચેન્જ પર ૨૫૧૦ શેરોમાં કારોબાર થઈ રહ્યો છે, એમાંથી ૧૧૩૧ શેર વધારા અને ૧૨૪૫ ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા છે. લિસ્ટેડ કંપનીઓની માર્કેટ કેપ ૨૦૩.૦૫ લાખ કરોડ રૂપિયા થઈ ગઈ છે. શુક્રવારે એ ૨૦૩.૯૮ લાખ કરોડ રૂપિયા હતી.

**સતત લીલા નિશાન સાથે દોડતા શેરમાર્કેટ પર કોરોનાના વધતા કેસોએ ચિંતા વધારી**

દેશમાં આર્થિક સુધારા અને બજેટથી બનેલા સેન્ટિમેન્ટને કારણે રોકાણકારો એ જોરદાર રોકાણ કર્યું છે. ડિપોઝિટરીઝના ડેટા મુજબ, ૧-૧૯ ફેબ્રુઆરીની વચ્ચે ફોરેન પોર્ટફોલિયા ઈન્વેસ્ટર્સ(FPI)એ ૨૪૯૬૫ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે. ઈક્વિટી માર્કેટમાં ૨૪૨૦૪ કરોડ રૂપિયા અને ડેટા કે મની માર્કેટમાં ૭૬૧ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે.

ગ્લોબલ માર્કેટમાં જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ ૧૮૭.૦૮ અંક અને હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ ૬૭.૨૭ અંક પર કારોબાર કરી રહ્યો છે. બીજી તરફ, ચીનનો શંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ અને કોરિયાનો કોસ્પી ફ્લેટ કારોબાર કરી રહ્યો છે. આ પહેલાં યુરોપ અને અમેરિકાનાં શેરબજારો પણ ફ્લેટ બંધ થયાં હતાં.

શેરબજાર શુક્રવારે સતત ચોથા દિવસે ઘટાડા સાથે બંધ થયું હતું. સેન્સેક્સ ૪૩૪ અંકના ઘટાડા સાથે ૫૦,૮૮૯.૭૬ પર અને નિફ્ટી ૧૩૭ અંક ઘટી ૧૪,૯૮૧.૭૫ પર બંધ થયો હતો. એનએસઈના પ્રોવિઝનલ ડેટા મુજબ, વિદેશી સંસ્થાગત રોકાણકારો(FII)એ ૧૧૮.૭૫ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા. જ્યારે ઘરેલુ સંસ્થાગત રોકાણકારો(DII) એ ૧,૧૭૪.૯૮ કરોડ રૂપિયાના શેર ખરીદ્યા હતા.

# પુનરાવર્તન કે પરિવર્તન? ઓછા મતદાન વચ્ચે સવારે આઠ વાગ્યાથી મનપાની મત ગણતરી

(જી.એન.એસ)ગાંધીનગર,તા.૨૨

ગુજરાતમાં ૬ મહાનગર પાલિકાની ચૂંટણી માટે મતદાન પ્રક્રિયા રવિવારે પૂર્ણ થઈ ગઈ છે, ત્યારે મંગળવારે મતગણતરી હાથ ધરાવા જઈ રહી છે. કોરોના મહામારી વચ્ચે યોજાયેલી ગુજરાતની સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં મતગણતરી માટે ચૂંટણી પંચ તરફથી માર્ગ દર્શિકા જાહેર કરવામાં આવી છે. રાજ્યની ૬ મહાનગર પાલિકામાં સરેરાશ ૪૫.૬૪ ટકા મતદાન યોજાયુ હતું. જેમાં સૌથી વધુ જૂનાગઢ મહાનગર



પાલિકામાં ૫૧.૮૫ ટકા તો સૌથી ઓછુ ૪૨.૫૧ ટકા મતદાન અમદાવાદમાં યોજાયું હતું. જે બાદ હવે મતગણતરી માટે ચૂંટણી પંચે તૈયારીઓ શરૂ કરી દીધી છે. અમદાવાદમાં ગુજરાત કોલેજ એલિસ બ્રિજ અને એલડી એન્જિનિયરિંગ કોલેજ, ગુજરાત યુનિવર્સિટી ખાતે મતગણતરી હાથ ધરવામાં આવશે. આ મતગણતરી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે જરૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. રાજકોટ મહાનગરપાલિકામાં ૧૮ વોર્ડની ૭૨ બેઠકની ગઈકાલે યોજાયેલી ચૂંટણીમાં ૫૦.૭૫ ટકા મતદાન થયું છે. જેની શહેરમાં ૬ અલગ-અલગ ઠેકાણે મત ગણતરી હાથ ધરાશે. જેમાં વીરબાઈ મહિલા કોલેજ, એએસ ચૌધરી હાઈસ્કૂલ, એસવી વિરાણી હાઈસ્કૂલ, પીડી માલવિયા કોલેજ, રણછોડદાસજી કોમ્યુનિટી હોલ એમ અલગ-અલગ જગ્યાએ વિવિધ વોર્ડની મતગણતરી હાથ ધરવામાં આવશે.

# પોડીચરીમાં કોંગ્રેસ સરકાર વિશ્વાસમત લેવામાં નિષ્ફળ : મુખ્યમંત્રીએ રાજીનામું આપ્યું

**ફ્લોર ટેસ્ટ પહેલા જ કોંગ્રેસ અને ડીએમકેના ધારાસભ્યોએ રાજીનામાં આપી દીધા**

(જી.એન.એસ)પુડુચેરી,તા.૨૨

પુડુચેરી વિધાનસભામાં કોંગ્રેસ સરકાર પોતાનું બહુમત સાબિત નથી કરી શકી. સ્પીકરે એલાન કર્યું છે કે સરકારની પાસે બહુમત નથી. ત્યારબાદ મુખ્યમંત્રી વી. નારાયણસામીની વિદાય નક્કી માનવામાં આવી રહી હતી. ફ્લોર



ટેસ્ટમાં બહુમત સાબિત ન કરી શકતાં મુખ્યમંત્રીએ ઉપરાજ્યપાલને પોતાનું રાજીનામુ આપી દીધું છે. ઉલ્લેખનીય છે કે વિધાનસભામાં કોંગ્રેસની પાસે તેના ૯ ધારાસભ્યો સિવાય ૩ દ્રમુક અને ૧ અપક્ષના ધારાસભ્યોનું સમર્થન હતું. પુડુચેરીમાં કોંગ્રેસનું ભવિષ્ય નક્કી કરવા માટે એક દિવસનું વિશેષ સત્ર સોમવાર સવારે શરૂ થયું હતું. મુખ્યમંતરી વી. નારાયણસામીએ ગૃહમાં વિશ્વાસ મત રજૂ કર્યો હતો. આ દરમિયાન મુખ્યમંત્રીએ ગૃહને જણાવ્યું હતું કે તેમની સરકાર પાસે બહુમત છે. જોકે બાદમાં નારાયણસામીની સરકારે વિશ્વાસમત દરમિયાન બહુમત ગુમાવી દીધું.

**33 સભ્યોની વિધાનસભામાં કોંગ્રેસ-દ્રમુક ગઠબંધનના ધારાસભ્યોની સંખ્યા ૧૧ તો જ્યારે વિપક્ષના ૧૪**




## મોટેરાનું ઉદ્‌ઘાટન કરવા રાષ્ટ્રપતિ બે દિવસની ગુજરાત મુલાકાતે

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૨

રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ આગામી આજે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. તેઓ ૨૪મી તારીખે મોટેરાના નવનિર્મિત સરદાર પટેલ સ્ટેડિયમના લોકાર્પણ કાર્યક્રમમાં હાજરી આપશે. તેઓ બપોરે ૧૨ વાગ્યે અમદાવાદ એરપોર્ટ પર આવશે. બપોરે ૧૨:૪૦ વાગ્યે ગાંધીનગર રાજભવન પોંહચશે. ૦૪:૦૦ વાગ્યા સુધી લંચ બ્રેક અને બાદમાં તેઓ બપોરે ૦૪:૩૦ વાગ્યે મહાત્મા મંદિર ગાંધીનગર જશે. રાત્રે ૦૯:૦૦ વાગ્યે રાજભવન પરત ફરશે. ૨૪મી તારીખે તેઓ બપોરે ૧૨:૩૦ વાગ્યે મોટેરા સ્ટેડિયમ પ્હોચશે. તેઓ બપોરે ૦૧:૩૦ વાગ્યે અમદાવાદ એરપોર્ટથી દિલ્હી જવા માટે રવાના થશે.

# દાદરા નગર હવેલીના સાંસદ મોહન ડેલકરે મુંબઈની હોટલમાં આપઘાત કરતા ચકચાર

**ગુજરાતીમાં લખેલ સુસાઈડ નોટ મળી, મોહન ડેલકર તાનાશાહી વ્યવસ્થાથી ઘણાં સમયથી ત્રસ્ત હતા**

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૨

દાદરા નગર હવેલીના અપક્ષ સંસદ સંસદ સભ્ય મોહન સંજીભાઈ ડેલકર (૫૮)નો મૃતદેહ આજે (સોમવારે) સવારે મુંબઈના મરિન ડ્રાઈવ વિસ્તારની સી ગ્રીન હોટલની રૂમમાથી મૃતદેહ મળી આવ્યો હતો. પોલિસને ઘટના સ્થળેથી ગુજરાતીમા લખેલ સ્યુસાઈડ નોટ મળી આવી છે.

મોહન ડેલકરે આત્મહત્યા કર્યાની



ચર્ચા છે.માત્ર પોલિસે આ બાબતે કોઈ જાણકારી આપેલી નથી, ડેલકરના પરિવારમા પત્ની કલાબેન ડેલકર તેમનો પુત્ર અભિનવ અને એક પુત્રી દિવિતા છે.૧૯૮૯ થી ડેલકર સંસદ તરીકે દાદરા નગર હવેલીમાથી ચૂંટાય આવે છે.,પોલિસે તેમનો મૃતદેહ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે. આ ઘટનાની જાણ થતા તેમનો પરિવાર મુંબઈ ખાતે પહોંચ્યો છે. ૫૮ વર્ષીય મોહન ડેલકર સાત વખત સાંસદ રહી ચૂક્યા છે. ૧૯૮૯ થી ૨૦૧૯ સુધી તેઓ સાત વખત સાંસદ રહી ચૂક્યા છે. ૧૯૮૯ માં, તેઓ કોંગ્રેસની ટિકિટ પર સાંસદ બન્યા. ત્યારબાદ ૧૯૯૧, ૧૯૯૬ માં પણ તેઓ કોંગ્રેસના સાંસદ બન્યા. જોકે, ૧૯૯૮ માં તેઓ ભાજપમાં જોડાયા અને સાંસદ બન્યા. જે પછી તેમણે વર્ષ ૧૯૯૯ માં સ્વતંત્ર (અપક્ષ) સાંસદ તરીકેનો હવાલો સંભાળ્યો. આ સિવાય ૨૦૦૪ અને ૨૦૧૯માં તે તેના સાંસદ પણ હતા.

# દેશની ચાર રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ અને ડિઝલના વેરા ઘટાડી કામચલાઉ રાહત જાહેર કરી

**મેઘાલય સરકારે રૂા.૭.૪૦, આસામમાં રૂા.૫, પશ્ચિમ બંગાળમાં રૂા.૧ તથા રાજસ્થાનમાં બે ટકા વેટમાં ઘટાડો કરી વપરાશકારો માટે રાહતના સમાચાર**

ચક્રવાત ટીમ નવી દિલ્હી તા.૨૨

આંતરરાષ્ટ્રીય બજારમાં બેરલનાં દરો સાત વર્ષ પહેલાની સરખામણીએ આજે પચાસ ટકા જેટલા ઓછા હોવા છતાં લોકોને તે સમયે મળતાં પેટ્રોલિયમ્સ ઉત્પાદનોની કિંમત વર્તમાન સમયમાં બેવડા જેટલો કે તેથી વધુ વધારો થઈ જવા છતાં કેન્દ્ર સરકાર અને પેટ્રોલિયમ્સ મંત્રીને આ વધારો હવે સત્તામાં હોવાથી યોગ્ય લાગે છે ! પેટ્રોલિયમ્સનાં ભાવો પરથી સરકારનો અંકુશ દૂર થતાં ભાવો સાત વર્ષમાં ઉચકાઈને ડબલ થઈ ગયા છે! ત્યારે દેશનાં ચાર રાજ્યો મેઘાલય, રાજસ્થાન, આસામ અને પશ્ચિમ બંગાળની સરકારે સતત વધતા ભાવોના કારણે વપરાશકારોની થોડી મુશ્કેલી ઘટાડવા રૂા. ૭ થી ૧ સુધીનો ઘટાડો પોતાના વેરામાંથી જાહેર કરેલ છે. મેઘાલય રાજ્ય સરકારે વેટના દરમાંથી પ્રતિ લિટર પેટ્રોલમાં



રૂા.૭.૪૦ તથા ડીઝલમાં રૂા. ૭.૧૦નો ઘટાડો, રાજસ્થાન સરકારે પેટ્રોલ ડિઝલ પરનાં વેટમાં ૨ ટકાની રાહત ૩૮ ટકા વેટ ઘટાડી ૩૬ ટકા કરેલ છે. મેઘાલય સરકારે પોતાનો વેટ પેટ્રોલમાં ૧૬ ટકા અને ડીઝલમા ૧૦ ટકા જેવો ઘટાડેલ છે.

આગામી સમયમાં જે રાજ્યોમાં વિધાનસભાની સામાન્ય ચૂંટણી યોજાનાર છે તેવી આસામ સરકારે પેટ્રોલ-ડીઝલના વેટ પર પ્રતિલિટરે રૂા.૫ નો તથા પશ્ચિમ બંગાળની સરકારે પેટ્રોલ-ડીઝલનાં દરમાં પ્રતિલિટરે રૂા.૧ની રાહત વપરાશકારો માટે જાહેર કરેલ છે. દેશની રાજ્ય સર કારોને પેટ્રોલ-ડીઝલનો ભાવ વધારો હવે મધ્યમવર્ગની લક્ષ્મણરેખાને ઓળંગી રહ્યો હોય તેવું લાગત જનઆક્રોશનો ભોગ બને તે પહેલા પેટ્રોલ ડિઝલના મોટાભાગના મધ્યમવર્ગના વપરાશકારો મ્હો ફેરવે તો ભૂંડો પરાજય થાય તેવી સ્થિતી નિવારવાની આગોતરી કવાયત હાથ ધરેલ છે.

# જેતપુર શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ચૂંટણી સંદર્ભે પોલીસનું ફૂટ પેટ્રોલિંગ



ચક્રવાત ટીમ જેતપુર, તા.૨૨

જેતપુર તેમજ તાલુકામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને એ માટે પોલીસ દ્વારા અતિસંવેદનશીલ અને સંવેદનશીલ વિસ્તારોની યાદી બનાવવામાં આવી છે. આ વિસ્તારોમાં પોલીસ દ્વારા પેટ્રોલિંગ સઘન બનાવવામાં આવ્યું છે. સાથે જ આજે આ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું.

નાયબ પોલીસ અધિક્ષક સાગર બાગમારનાં માર્ગદર્શન અને સૂચના અનુસાર જેતપુર શહેર વિસ્તારમાં આગામી નગરપાલિકા ની પેટા ચૂંટણી વોર્ડ નં ૧૧ નો સંવેદનશીલ વિસ્તાર ભોજાધાર માં તેમજ તાલુકા પંચાયત તથા જિલ્લા પંચાયતની ચૂંટણીઓમાં પેઢલા,મંડલીકપુર,મોટા ગુંદાળા બાદ અન્ય ૭૯ બુથ જે સંવેદનશીલ છે આ ગામમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને, લોકો ચૂંટણીમાં ભયમુક્ત વાતાવરણમાં મતદાન કરે એ માટે જેતપુર ડીવીઝન તથા તાલુકા પોલીસ સ્ટેશનનાં સંવેદનશીલ તથા અતિસંવેદનશીલ વિસ્તારમાં પોલીસ દ્વારા ફૂટ પેટ્રોલિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જેતપુર ડિવિઝન એ.એસ.પી સાગર બાગમાર જેતપુર સીટી પીઆઇ જે.બી.કરમુર જેતપુર તાલુકા ઈન્સ્પેકટર પી.જી.બાટવા, તથા વીરપુર પોલીસ ઈન્સ્પેકટર આર. એ.ભોજાણી તેમજ સમગ્ર સ્ટાફ દ્વારા સમગ્ર શહેરમાં તેમજ તાલુકામાં અતિસંવેદનશીલ તથા સંવેદનશીલ વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું.

# ઉપલેટાની ભાયાવદર નગરપાલિકામાં ભ્રષ્ટાચાર કરાયો હોવાનો આક્ષેપ




ચક્રવાત ટીમ કાનભાઈ સુવા, તા.૨૨

ઉપલેટા તાલુકાનું ભાયાવદર ગામ કે જે નગરપાલિકા સંચાલિત ગામ છે જેમાં સ્થાનિક રહેતા નીરજભાઈ મકવાણાએ આક્ષેપ કર્યો છે કે ભાયાવદર નગરપાલિકા દ્વારા અનેકો કામોમાં ભરપૂર ભ્રષ્ટાચાર કરાયો હોવાનો આક્ષેપ કરાયો છે. ભાયાવદરના આરટીઆઈ એક્ટિવિસ્ટ દ્વારા એવું જણાવાયું છે કે તેમને અલગ-અલગ પ્રકારની માહિતીઓ માહિતી અધિનિયમ ૨૦૦૫ હેઠળ માંગવામાં આવી હતી જેમાં તેમને મળેલ માહિતીમાં જણાવેલ વિગતો અને માહિતી બાદ આરટીઆઈ એક્ટિવિસ્ટ દ્વારા એવું જણાવાયું કે અહીંયા રોડ, રસ્તા, પાણી, સીસીટીવી કેમેરા, સહિતની માહિતી માંગવામાં આવી હતી તેમાં પાલિકાના સત્તાધીશો દ્વારા આમાં ભ્રષ્ટાચાર કરાયો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. આવા ભ્રષ્ટાચારના આક્ષેપોમાં જે પ્રકારે આ ભાયાવદરના આરટીઆઈ એક્ટિવિસ્ટનું કહેવું છે કે ભાયાવદર નગરપાલિકા સત્તાધીશો દ્વારા આવાસ યોજનામાં પોતાના લગતા વળગતાઓને લાભ આપવી અને જરૂરિયાત્માન્દ અને ગરીબ લોકોને લાભોથી વંચિત રાખવામા આવે છે તેવા પણ આ સાથે આક્ષેપો કરવામાં આવ્યા છે. ભાયાવદરના આરટીઆઈ એક્ટિવિસ્ટ દ્વારા જણાવાયું છે કે નગરપાલિકા દ્વારા ગેયકાયદેસર રીતે ડીજલના પણ ખોટા બિલો બનાવેલ છે અને તેમાં પણ ભ્રષ્ટાચાર કરી રહ્યા છે તેવું જણાવી રહ્યા છે અને સાથે એવું પણ જણાવેલ કે નગરપાલિકાના તંત્ર અને સતાધારી બોડી દ્વારા મોટા પાયે ભ્રષ્ટાચાર અંદાજે ત્રણ વર્ષથી ભ્રષ્ટાચાર કરાઈ રહ્યો હોવાનો પણ આક્ષેપ કરવામાં આવી રહો છે. આવા ગંભીર પ્રકારના આક્ષેપો બાદ આ અંગે ભાયાવદર નગરપાલિકાના પ્રમુખે આવા આક્ષેપો અંગેના કઈક અલગ જ જવાબો આપ્યા છે ત્યારે પાલીકા પ્રમુખે જવાબ આપતા જણાવ્યુ કે આ માત્ર રાજકીય રીતે બદનામી કરવાના ઈરાદે આ સમગ્ર બાબતે પ્રયાસ થઈ રહ્યા હોય તેવું જણાવેલ ત્યારે આ સાથે તેમનું કહેવું છે કે હાલ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ ચાલી રહી છે તેમાં તેમના પત્ની રાજકોટ જિલ્લા પંચાયતની કોલકી બેઠકમાં કોંગ્રેસ પક્ષમાંથી ઉમેદવાર તરીકે ચૂંટણી લડી રહ્યા છે જેમાં તેમણે રાજકીય રીતે ખોટી રીતે બદનામ કરવાના ઈરાદે આવા ખોટા અને પાયા વિહોણા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે તેવું નયનભાઈ જીવાણીએ જણાવેલ અને સાથે તેમણે સત્તાના જવાબદાર વ્યતિ તરીકે વધુમાં એવું પણ જણાવ્યુ કે જો ભાયાવદાર નગરપાલિકાના કામમાં શંકા અને અશાંતોષ કે ભ્રષ્ટાચાર લાગતો હોય તો તેમને ઉપલા લેવાલથી તપાસ કરાવવી જોઈયે. વધુમાં પાલિકા પ્રમુખ નયનભાઈ જીવાણીએ એવું પણ જણાવેલ કે જો આ અંગેની કોઈ પણ પ્રકારની તપાસ આવશે તો અમો પણ આ તપાસમાં પાલિકાના સત્તાધારી અને જવાબદાર વ્યક્તિ તરીકે પૂરતો સહયોગ પણ આપશુ જેથી કરીને લોકોની સામે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય તેવું પણ જણાવેલ. આ સમગ્ર આક્ષેપ બાદ ભાયાવદર નગરપાલિકાના ચીફ ઓફિસરનો સંપર્ક કરવા જતાં જાણવા મળ્યું કે તેઓ રજા ઉપર છે ત્યારે આવા ગંભીર આક્ષેપો બાદ તો હાલ આવા તમામ પ્રકારના આક્ષેપો બાદ ઊંડાણ પૂર્વક તપાસ થસે ત્યારે જ ખ્યાલ આવશે કે ખરેખર ભ્રષ્ટાચાર થયો છે કે કેમ ? અને થયો છે તો કેટલો થયો છે અને ક્યાં-ક્યાં કામોમાં થયો છે તે તો ખરેખર તપાસ થસે તો જ સામે આવશે.

# મહીસાગર સખી વન સ્ટોપ સેન્ટરે બે માનસિક અસ્વસ્થ મહિલાને સમાજસેવા ટ્રસ્ટને સોંપ્યા



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૨૨

ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં વન સ્ટોપ સેન્ટર - સખી યોજના અમલમાં મૂકવામાં આવી છે. સખી વન સ્ટોપ સેન્ટરમાં મહિલાઓ સાથે કોઈપણ હિંસાના કિસ્સામાં તબીબી, કાયદાકીય, મનોવૈજ્ઞાનિક પરામર્શ જેવી વિવિધ સેવાઓ આ સેન્ટર પરથી મળી રહે છે. હિંસાથી પીડિત મહિલાઓની તમામ સમસ્યાઓના સમાધાન માટે એક માત્ર સ્થળ હોય તો સખી વન સ્ટોપ સેન્ટર છે. જયાં મહિલાઓને આપાતકાલીન સેવા, કાયદાકીય સહાય, પોલીસ સહાય, તબીબી સહાય, સામાજિક સમસ્યાઓમાં પરામર્શ-માર્ગદર્શન, હંગામી ધોરણે આશ્રમ જેવી સહાય કરવામાં આવે છે. કોરોના સમય ગાળામાં તા.૦૯/૦૨/૨૦૨૧ ના રોજ ૧૮૧ હેલ્પ લાઈન દ્વારા લુણાવાડા પોલીસ વિસ્તારના પરમપુર ગામેથી મળી આવેલ અજાણી માનસિક અસ્વસ્થ મહિલાને સખી વન સ્ટોપ સેન્ટરમાં મુકવામાં આવેલ હતી. સખી વન સ્ટોપ સેન્ટર ખાતે આ મુકવામાં આવેલ અજાણી માનસિક અસ્વસ્થ મહિલાનું કાઉન્સેલીંગ શરૂ કરવામાં આવ્યું. કાઉન્સેલીંગ દરમિયાન આ મળી આવેલ અજાણી મહિલાએ તેનું નામ લીલાબેન જણાવેલ તેમજ તેમના પિતાનું નામ રૂપાભાઈ તેમજ અટક કટારા જણાવેલ પરંતુ તેઓના ગામનું ચોકકસ સરનામું ન જણાવતી નહોતી. આમ બીજા દિવસે આ મહિલા પાસેથી જરૂરી વિગતો મળે તે હેતુથી સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા પ્રેમ, હૂંફ અને લાગણીભર્યા વાતાવરણનું નિર્માણ કરી તેણીને જીવન જરૂરિયાતની તમામ ચીજવસ્તુઓ સવાર-સાંજ ચા-નાસ્તો અને બે ટાઈમ જમવાનું આપવાની સાથે મેડીકલ સારવાર તેમજ તેણીનું કોરોના ટેસ્ટ અને પ્રેગનન્સી ટેસ્ટ કરવામાં આવ્યો હતો તેમનો રિપોર્ટ નેગેટીવ આવ્યો હતો.સાથે સાથે તા.૧૧/૦૨/૨૦૨૧ ના રોજ ૧૮૧ હેલ્પ લાઈન દ્વારા લુણાવાડા પોલીસ વિસ્તાર માંથી અજાણી માનસિક અસ્વસ્થ મહિલાને સખી વન સ્ટોપ સેન્ટરમાં મુકવામાં આવેલ હતી.તેમની પણ કાઉન્સેલીંગ કરી તમામ વિગતો મેળવી તો તે રાજસ્થાનના વતની હતા. તથા તેમનું નામ સુમિત્રાબેન હતું તેમનો પણ કોરોના ટેસ્ટ નેગેટીવ આવ્યો હતો. આમ આ અજાણી માનસિક અસ્વસ્થ મહિલાનું અરવલલી જિલ્લાના બાયડ તાલુકાના જય અંબે મંદ બુધ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટમાં રીફર કરવામાં આવ્યા હતા.

# મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત સંતરામપુર વિસ્તારમાં યોજાઈ બાઈક રેલી



ચક્રવાત ટીમ લુણાવાડા, તા.૨૨

મહીસાગર જિલ્લામાં આગામી ૨૮મી ફેબ્રુઆરી-૨૦૨૧માં જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો અને જિલ્લામાં સમાવિષ્ટ છ તાલુકા પંચાયતની ૧૨૬ બેઠકોની સામાન્ય ચૂંટણી યોજાવાની છે. ત્યારે 'આપણા સૌ નો એક જ નિર્ધાર બાકી ન રહે કોઈ મતદાર'' આ હેતુને સાકાર કરવા અને સો ટકા મતદાન થાય અને લોકો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી લોકશાહીને વધુ મજબુત બનાવે તે માટે મહીસાગર જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરશ્રી આર. બી. બારડના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા મતદાન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહયું છે. મતદાન જાગૃતિ અભિયાનના ભાગરૂપે સ્વીપના નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી શ્રી પી. એન. મોદી દ્વારા મહીસાગર જિલ્લામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીને અનુલક્ષી મતદાર જાગૃતિ માટે ઝ્રર્ંફૈંડ-૧૯ ની ગાઈડ લાઈનને અનુસરીને સંતરામપુર વિસ્તારમાં બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બાઈક રેલીને પ્રાન્ત કચેરી સંતરામપુરથી ચુંટણી અધિકારી અને પ્રાંત અધિકારીશ્રી કૌશિક જાદવે લીલીઝંડી બતાવી પ્રસ્થાન કરાવ્યું હતું. આ બાઈક રેલીને સંતરામપુર પ્રાંત કચેરી ખાતે થી શિક્ષકો દ્વારા બાઈક રેલી કાઢવામાં આવી હતી. જેમાં બાઈક સવાર શિક્ષકોએ મતદાન જાગૃતિ માટેના પ્લે કાર્ડ સાથે જોડાયા હતા અને મતદાતાઓને પોતાના પવિત્ર મતાધિકારનો ઉપયોગ કરી સો ટકા મતદાન કરવાનો સંદેશો પાઠવ્યો હતો.

આ બાઈક રેલી સંતરામપુર પ્રાંત કચેરી ખાતે થી શરૂ થઈ સંતરામપુર વિસ્તારમાં એસ.આર.પેટ્રોલપંપ, બસ સ્ટેન્ડ ચોકડી, શાક માર્કેટ, પ્રતાપપુરા મેદાન, મામલતદાર કચેરી, રીલાયન્સ પેટ્રોલ પંપ થઈ જાહેર માર્ગોથી પસાર થઈ હતી. આ બાઈક રેલીએ ગ્રામજનો અને મતદારોમાં આકર્ષણ જમાવ્યું હતું. આ બાઈક રેલીમાં મોટી સંખ્યામાં શિક્ષકોએ ઉત્સાહભેર જોડાઈને મતદાન જાગૃતિ અભિયાનને સાર્થક બનાવ્યું હતું. આ પ્રસંગે કેળવણી નિરક્ષક જયેશભાઈ પટેલ તેમજ શિક્ષકો જોડાયા હતા.

## ઉનાના શિક્ષક પી એચ.ડી. થયા



ઉના ગાંધી કન્યા હાઈસ્કુલમાં ઉચ્ચતર માધ્યમિક વિભાગના સંસ્કૃત વિષયના શિક્ષક તરીકે ફરજ બજાવતા ડો.અરવિંદકુમાર ભીમજીભાઈ કાપ ડીયા સંસ્કૃત વિષયમાં પી એચ ડી થયા છે. તેઓએ હર્ષવર્ધનના નાટકોનું ભરત નાટ્યશાસ્ત્ર અને ધનંજયના દશરૂપને આધારે નાટ્ય શાસ્ત્રીય અધ્યન વિષય પર આ પદવી મેળવી છે. તેમનના માર્ગદર્શન સોરાષ્ટ્ર યુ.નિ.સી.ના ડો. એલ એમ પ ાનસેરીયા મેદરડા કોલેજના પ્રોફેસર હોય આ તકે શિક્ષક પી એચ ડી થવા બદલ શાળા પરીવારે અભિનંદન પાઠવે છે.

## ધોરાજીના સંવેદનસિલ ગામડાઓમાં ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ



ચક્રવાત ટીમ ધોરાજી, તા.૨૨

ધોરાજી તાલુકાના સુપેડી ઝાંઝમેર ઉમરકોટ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ફ્લેગ માર્ચ અને ફૂટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યુ હતું. જેતપુરના ડી વાય એસ પી સાગર કુમાર બાગ્માર દ્વારા સ્થાનિક સ્વરાજ્ય ની ચૂંટણી અનુલક્ષી ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ યોજાય. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને કોઈ પણ જાતનું અનિચ્છનીય બનાવ ના બને માટે પોલીસ તંત્ર સજ્જ છે. ધોરાજીના સંવેદનશીલ ગણાતા ગ્રામ્ય વિસ્તાર માં ચૂંટણી સમયે કોઈ અનિચ્છનિય બનાવ ના મ્બે માટે પોલીસ તંત્ર સજ છે. ચૂંટણીના દિવસે ડ્રોન અને વિડિયો દ્વારા સર્વેલન્સ ટીમ દ્વારા દેખરેખ રાખવામાં આવશે. ધોરાજી તાલુકાના કુલ ૬૨ મતદાન મથકો માથી ૩૪ મતદાન મથકો સંવેદનશીલ છે.

## ગીર-સોમનાથ જિલ્લામાં ૨૯૨ સંવેદનશીલ અને ૭૬ અતિ સંવેદનશીલ મતદાન મથક જાહેર




ચક્રવાત ટીમ ગીર-સોમનાથ, તા.૨૨

ગીર-સોમનાથ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સામાન્ય/પેટાચૂંટણી તેમજ નગરપાલિકાની સામાન્ય ચૂંટણી/ પેટા ચૂંટણી તા. ૨૮/૦૨/૨૦૨૧ ના યોજાનાર છે. ગીર-સોમનાથ જિલ્લામાં ૭૬ અતિ સંવેદનશીલ મતદાન મથક તેમજ ૨૯૨ સંવેદનશીલ મતદાન મથક આવેલા છે. તેમજ ગીર-સોમનાથ જિલ્લાની નગરપાલિકા સામાન્ય ચૂંટણીમાં૩૧ અતિ સંવેદનશીલ મતદાન મથક તેમજ ૭૬ સંવેદનશીલ મતદાન મથક આવેલા છે. જેમાં સુરક્ષાની સઘન વ્યવસ્થા કરવામાં આવી છે.

# જામનગરના ખોજાબેરાજા ગામે લુટારૂ ટોળકીએ ત્રાટકી લાખોની લૂંટ કરી ફરાર



ચક્રવાત ટીમ જામનગર, તા.૨૨

જામનગર ના ખોજાબેરાજા ગામે સીમવાડી વિસ્તારમાં રહેતા રામભાઈ વિક્રમભાઈ ઓડેદરા તેમના ઘરે પરિવારના અન્ય સભ્યો સાથે હાજર હતા ત્યારે આજે વહેલી સવારે અજાણ્યા આઠ ઈસમો જેઓ આશરે ૨૫ થી ૩૦ વર્ષની ઉંમરના શરીરે ટ્રેક ટી-શર્ટ પહેરેલ અને મોઢે માસ્ક બાંધેલ અને શરીરે મજબુત બાંધાના પરિવારના સભ્યો તેના રહેણાંકે રાત્રીના સુતેલ આ ઈસમો રહેણાંકમા પ્રવેશ કરી હાથમા મૃત્યુ નિપજી શકે તેવા હથિયાર લાકડાના ધોકા ધારણ કરી સાહેદ વિક્રમભાઈને શરીરે ઘા મારી ઈજાઓ કરી ઓસરીમા સુવડાવી રૂમમા સુતેલ સાહેદ નિરૂબેનના રૂમનો દરવાજો ખોલાવડાવી તેને ધોકાથી માર મારી માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચાડી તેના રૂમમાથી બે મોબાઈલ ફોન તથા I 20 કાર રજી.નંબર-ય્ત્ન ૧૨ મ્ઈ ૦૪૦૭ ની ચાવી લઈ અને તમામને અવાજ નહી કરવાનુ તથા રોકડ રુપીયા કયા છે તે બતાવો નહીતર તમામને મારી નાખશુ તેવી બીક બતાવી ધમકી રૂમમા લાકડાના કબાટમા ખાનામા રાખેલ રોકડ રૂપીયા ૧,૫૦,૦૦૦/-ની તથા સોનાના દાગીના જેમા ત્રણ ચેઈન આશરે ચાર તોલાના તથા એક પેન્ડેલ સેટ આશરે ત્રણ તોલાનુ તથા એક મંગલસુત્ર આશરે છ તોલાનુ તથા એક હાથનો પંજો જે આશરે બે તોલાનો તથા બે વીટી એક તોલાની જે મળી આશરે કુલ-૧૬ તોલા જેની કી.રૂ.૫,૬૦,૦૦૦/-ની તથૉ ૨૦ કાર કી.રૂ.૧,૫૦,૦૦૦/- તથા ફરી.સાહેદના મોબાઈલ ફોન નોકીયા કંપનીનો સાદો ફોન તથા ઓપો હ્લ ૧૧ મોડલનો ફોન કુલ નંગ-૨ કિ.રૂ.૨૦૦૦/-ની મળી કુલ રૂ.૮,૬૨,૦૦૦/- ના માલ મતાની માર મારી ઈજાઓ કરી લુંટ કરી ફરીયાદી તથા તેના પરિવારજનોને રુમમા પુરી બહારથી બંધ કરી જતા રહેતા પોલીસને આ મામલે જાણ કરવામાં આવતા પોલીસે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે અને સમગ્ર ટીમ લુંટારૂગેંગને શોધવામાં લાગી છે.

## ગીરસોમનાથ જીલ્લામાં સ્થાનિક સ્વરાજ્ય, નગરપાલિકા ચૂંટણીમાં ૬૮૮ ઉમેદવારો ચૂંટણીનો જંગ લડવા મેદાને

ચક્રવાત ટીમ ગીર-સોમનાથ, તા.૨૨

ગીર-સોમનાથ જિલ્લામાં આગામી ૨૮ ફેબ્રુઆરી નાં રોજ સ્થાનિક સ્વરાજ્ય તેમજ નગરપાલિકા ચૂંટણી ૨૦૨૧ અંતર્ગત ગીર-સોમનાથ જિલ્લામાં નગરપાલિકા ચૂંટણીમાં વેરાવળ નગરપાલિકામાં વોર્ડ ૧૧માં ૧૧૪ હરીફ ઉમેદવારો, ૨ બેઠક બિન હરીફ જાહેર થયેલ છે. ઉના નગરપાલિકામાં વોર્ડ ૯ માં ૩૧ હરીફ ઉમેદવારો તેમજ ૨૦ બેઠક બિન હરીફ જાહેર થયેલ છે. તાલાળા નગરપાલિકામાં ૬ વોર્ડમાં ૬૭ હરીફ ઉમેદવારો, સુત્રાપાડા નગરપાલિકામાં ૬ વોર્ડમાં ૬૩ હરીફ ઉમેદવારો અને કોડીનાર નગરપાલિકામાં ૧ બેઠક પર ૨ હરીફ ઉમેદવારો ચૂંટણી લડશે.

વેરાવળ તાલુકા પંચાયતની ૨૨ બેઠક પર ૫૬ હરીફ ઉમેદવારો, કોડીનાર તાલુકા પંચાયતની ૨૪ બેઠક પર ૬૮ હરીફ ઉમેદવારો, સુત્રાપાડા તાલુકા પંચાયતની ૧૮ બેઠક પર ૪૪ હરીફ ઉમેદવારો, તાલાળા તાલુકા પંચાયતની ૧૮ બેઠક પર ૫૫ હરીફ ઉમેદવારો, ઉના તાલુકા પંચાયતની ૨૬ બેઠક પર ૬૦ હરીફ ઉમેદવારો, ગીરગઢડા તાલુકા પંચાયતની ૨૦ બેઠક પર ૫૨ હરીફ ઉમેદવારો ચૂંટણી લડશે. જિલ્લા પંચાયતની ૨૮ બેઠકો પર ૭૬ હરીફ ઉમેદવારો ચૂંટણી લડશે.

## વાંકાનેર તાલુકાના મેસરીયા ગામ નજીકથી દેશી બનાવટની જામગરી બંદૂક સાથે એક ઝડપાયો



ચક્રવાત ટીમ વાંકાનેર, તા.૨૨

વાંકાનેર તાલુકાના મેસરીયા ગામ નજીક આવેલ તળવા પાસેથી એક શખ્સને ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા ગેરકાયદેસર દેશી બનાવટની જામગરી બંદૂક સાથે એક શખ્સને ઝડપી લીધો હતો. જેની સામે વાંકાનેર તાલુકા પોલીસ દ્વારા આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી જિલ્લા પોલીસ વડા એસ. આર. ઓડેદરા સાહેબની સૂચના અને નાયબ પોલીસ અધિક્ષક રાધિકા ભારાઈના માર્ગદર્શન હેઠળ વાંકાનેર તાલુકા પીએસઆઈ આર. પી. જાડેજા અને સર્વેલન્સ ટીમના પેટ્રોલિંગ દરમિયાન કોન્સ્ટેબલ જુવાનસિંહ ઝાલાને મળેલી ચોક્કસ ખાનગી બાતમીના આધારે વાંકાનેર તાલુકાના મેસરિયા ગામના તળવા પાસેથી આરોપી ગોબરભાઈ જીવાભાઈ ઓતરાદી (ઉ.વ. ૪૫, રહે. ચીરોડા, તા. ચોટીલા)ને ગેરકાયદેસર દેશી બનાવટની મઝલ લોડ સીંગલ બેરલ જામગરી બંદૂક સાથે પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી. વાંકાનેર તાલુકા પોલીસની આ કામગીરીમાં પીએસઆઈ આર. પી. જાડેજા, હેડ કો. મયુરધ્વજસિંહ જાડેજા, જુવાનસિંહ ઝાલા, કો. મુકેશભાઈ જીલરીયા, હરીશચંદ્રસિંહ ઝાલા, દર્શિતભાઈ વ્યાસ, અજયસિંહ ઝાલા અને અકિલભાઈ બાંભણીયા જોડાયા હતા.

## પ્રાચી તીર્થ વિસ્તારમાં કેસુડા ખીલી ઉઠ્યા



ચક્રવાત ટીમ પ્રાચી, તા.૨૨

શિયાળો ધીમેધીમે વિદાય લઈ રહ્યો છે ધુળેટીના રંગીન ઉત્સવની આગવી ઓળખ સમાન કેસુડા ના ફૂલો વૃક્ષો પર આવવા માંડયા છે પ્રાચી વિસ્તારના વનવગડામાં કેસુડાના કેસરી કલરના ફુલ થી ખીલી ઊઠેલા કેસૂડાના વૃક્ષો કંઈક નયન દ્રશ્ય ઊભું કરી રહ્યા છે.

# જેતપુર નવાગઢ નગરપાલિકાના વોર્ડ નં.૧૧માં ભાજપનું મધ્યસ્થ કાર્યાલય ખુલ્લું મુકાયું

### કેબિનેટ મંત્રી જયેશભાઇ રાદડીયા ના હસ્તે જાહેરસભા અને ઉદ્ઘાટન



ચક્રવાત ટીમ જેતપુર, તા.૨૨

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી નજીક આવી રહી છે ત્યારે ૨૮મી ફેબ્રુઆરીના દિવસે મતદાન યોજાવાનું જઈ રહ્યું છે ત્યારે જેતપુરમાં વોર્ડ નંબર ૧૧માં પાલિકાની પેટા ચૂંટણી છે જેમાં ૨ ઉમેદવારો વચ્ચે સીધો જંગ યોજાવા જઈ રહ્યો છે. જેતપુર નવાગઢ નગરપાલિકાના જે સદસ્ય કોરોનાને લીધે મૃત્યુ પામ્યા જેની સીટ ખાલી પડતા પેટા ચૂંટણી એકજ વોર્ડમાં હોય જેને ધ્યાને રાખી ને ભાજપ પક્ષ દ્વારા આજે જાહેર સભા અને મધ્યસ્થ કાર્યાલય ખોલી પ્રચારની શરૂઆત કરી દીધી છે ત્યારે શહેરના વોર્ડ નંબર ૧૧ માં જેતપુર ધારાસભ્ય અને કેબિનેટ મંત્રી જયેશભાઈ રાદડિયા દ્વારા જાહેરસભા યોજવામાં આવી તેમજ મધ્યસ્થ ભાજપનું કાર્યાલય ખુલ્લું મૂકવામાં આવ્યું છે ત્યારે કાશી વિશ્વનાથ મંદિર સામે લવલી પાન પાસે વોર્ડ નંબર ૧૧ના ભાજપના ઉમેદવારના સમર્થનમાં મંત્રી દ્વારા જાહેર સભા ત્યારબાદ મધ્યસ્થ કાર્યાલય કેબિનેટ મંત્રી રાદડિયા દ્વારા ખુલ્લું મુકવામાં આવ્યું છે. ત્યારે આ જાહેરસભા અને કાર્યાલય ખુલ્લા મૂકવાના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ડોબરીયાવાડી વૉર્ડનં ૧૧ના વાસીઓ જોડાયા હતા અને કેબિનેટ મિનિસ્ટર દ્વારા કાર્યાલય ખુલ્લું મુકવામાં આવ્યું હતું અને આશાવાદ વ્યક્ત કર્યો હતો વોર્ડ નંબર ૧૧ના ઉમેદવાર કિરીટભાઈ માવાણી જંગી બહુમતિ સાથે વિજય થશે. આ કાર્યક્રમમાં જિલ્લા પ્રમુખ મનસુખભાઈ ખાચરિયા, પૂર્વ નગરપાલિકા પ્રમુખ સુરેશભાઈ સખરેલીયા, જેતપુર ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ એસોસિયેશનના પ્રમુખ જેન્તીભાઈ રામોલિયા, શહેર પ્રમુખ રમેશભાઈ જોગી, જેતપુર શહેરના તમામ હોદ્દેદારો તેમજ કાર્યકર્તા ઉપસ્થિત રહ્યા અને નગરપાલિકાની ચૂંટણીના જાહેરસભા યોજી પ્રચારના શ્રીગણેશ કરવામાં આવ્યા.

## તંત્રીસ્થાનેથી......

# શબનમ : આઝાદી પછી ભારતમાં ફાંસી ચઢનારાં પ્રથમ મહિલાને ક્યાં કેસમાં સજા થઈ?

વાત છે પ્રેમ સંબંધોમાં અડચણ બનેલા સ્વજનોને કરવામાં આવેલી નફરતની. જેમાં એક જ રાતમાં સાત જિંદગીને ખતમ કરી દેવાઈ હતી. જ્યારે હકીકત સામે આવી તો સૌના રૂવાં ઊભાં થઈ ગયા. શબનમે પહેલા પોતાના મા-બાપ, ભત્રીજા, બે ભાઈ, એક ભાભી અને પિતરાઈ બહેનને દૂધમાં નશીલો પદાર્થ પિવડાવી રાત્રે બેભાન અવસ્થામાં જ તેમને એક-એક કરીને કુહાડીથી મારી નાખ્યાં હતાં. ૧૪ એપ્રિલ-૨૦૦૮ની એ તારીખ છે જેને પશ્ચિમ-ઉત્તર પ્રદેશના અમરોહાના હસનપુર તાલુકાના ગામ બાવનખેડીનાં લોકો ઇચ્છીને પણ નથી ભૂલી શકતા. શબનમના ઘરમાં આજુ-બાજુમાં સાત કબરો છે અને દીવાલ પર આજે પણ લોહીનાં ડાઘ એ ભયાનક હત્યાકાંડની યાદ અપાવે છે. ગામના મોટાભાગના લોકોનું કહેવું છે કે શબનમને તેમના ગુનાની સજા પહેલા જ મળી જવી જોઈતી હતી. પોલીસ તપાસ બાદ કહેવામાં આવ્યું છે કે ઘરના સભ્ય શબનમને પોતાના પ્રેમી સલીમ સાથે મળીને પિતા, માતા, બે ભાઈ, એક ભાભી, ભત્રીજો અને પિતરાઈ બહેનની હત્યા કરી દીધી હતી. આ કેસમાં સુપ્રીમ કોર્ટે શબનમ અને સલીમ બંનેને ફાંસીની સજા સંભળાવી છે અને રાષ્ટ્રપતિએ દયાની અરજી ખારીજ કરી દીધી છે અને સજાને યથાવત રાખી છે. આ ઘટના બાદ નજરે નિહાળનારા વર્ણવ્યુ છે કે ઘટના બની એ દિવસના દૃશ્યો ડરાવી દે તેવા હતા, ઘરમાં લાશો પડી હતી, તેમના માથા અને શરીર ફાટેલાં અને કપાયેલી હાલતમાં હતા... શબનમ, સલીમને પ્રેમ કરી હતી અને તેમના પરિવારને આ પસંદ નહોતું. આ જ વાત પરિવાર અને શબનમ વચ્ચે તકરારનું કારણ હતી. પરિવારના વાંધાનું કારણ એ હતું કે શબનમનો પરિવાર શિક્ષિત હતો અને સમૃદ્ધ હતો. શબનમ ખુદ એમ. એ સુધી ભણ્યા હતા. જ્યારે સલીમની સામાજિક અને આર્થિક પૃષ્ઠભૂમિ આવી નહોતી. તેઓ શિક્ષિત નહોતા અને રોજીરોટી માટે લાકડાં ચીરવાનું આરી મશીન ચલાવતા હતા. ઘટના સમયે સલીમની ઉંમર ૨૫ વર્ષ અને શબનમની ઉંમર ૨૭ વર્ષની હતી. પરિવારની નારાજગી પર જઇને કોઈપણ સરતે શબનમને સલીમ સાથે લગ્ન કરવા દેતા હતા પરંતુ તેમાં તેનો પોતાનો પરિવાર નડતરરૂપ હતો જેથી ઘટનાની એ રાત્રે શબનમે ઘરના બધા સભ્યોને ઘેનની ગોળી ખવડાવી રાત્રે પોતાના પ્રેમી સાથે મળી અને અંત્યત ક્રુરતા પુર્વક કુહાડીના ઘા મારી મારી બધાની પથારીમાં જે હત્યા કરી નાખી અને માનસિક રીતે ક્રૂર બની અને મૃતકોના શરીર ધડથી અલગ કરી નાખ્યાં. બાદમાં પોતે પણ પોલીસ સમક્ષ વિક્ટમ બની સામે અવી અને પોતાના પરિવાર પર કોઈએ હુમલો કર્યાનુ બયાન આપ્યું જે બનાવમાં પાછળથી પોલીસ તપાસમાં બધુ ખુલ્યું અને લોકોને શબનમની ક્રુરતા વિશે જાણ થઇ અને કોર્ટમાં તેમે ફાંસીની સજા આપવામાં આવી.


યાકુબ બાદી
તંત્રી

# ૨૧મી સદીના વિકસીત ચિતારને પ્રસ્તુત કરતી અદ્ભૂત ફ્યૂચર ફિક્શન નવલકથા.....




## પ્રકરણ ૭૨

જુલાઈ મહિનાના મધ્યમાં ચોમાસું બરાબર જામ્યું હતું. રાહુલને મળેલી સરપ્રાઈઝ પછી તે ફરી સામાન્ય બની ગયો હતો. મારી લાઈફ છેલ્લા દોઢ મહિનાથી નિયમિત થઈ ગઈ હતી. સ્કૂલ, ફ્રેન્ડ, ઘર, મધુમાસી, પ્રહિક્રિદ્ધ કદ્ધ, ફ્રીડમબોક્સ, કાકાની કિટલી વચ્ચે આંટા ફેરામાં મહાલતી લાઈફ ખરેખર 'જીવતાં સ્વર્ગ' સમાન બની ગઈ હતી. એનું મુખ્ય કારણ સાગરની ગેરહાજરી હતી.

'છોકરીના છપ્પા' ના લોન્ચિંગના બે દિવસ બાદ તે રખડવા ઉપડી ગયેલો. તેને આજ સુધી મને દર્શન નહોતાં આપ્યા. 'છોકરીના છપ્પા' એ ધૂમ મચાવી દીધી હતી. તે અનેક વિરોધ અને વિવાદ વચ્ચે સ્ત્રીઓ માટેના અમુક સ્ટેટમેન્ટને કારણે સતત વિવાદોમાં ઘેરાયેલી રહેતી. આ કોન્ટ્રાવર્સીને કારણે તેની લોકપ્રિયતાનો ગ્રાફ સતત ઉપર જઈ રહ્યો હતો. આ બૂકના ક્વોટ આધારિત ' 'હ્યુમર હથોડા' એપના કોમેડી શો અવનવા ટ્રેન્ડ સેટ કરી કેટલાંય રેકોર્ડ પોતાના નામે કરી રહ્યા હતાં.

હું મારી શારીરિક અને માનસિક ફિટનેસ પ્રત્યે વધુ સભાન બન્યો હતો. એનું કારણ ફ્રીડમબોક્સ,કાકાની કિટલી અને મારી સ્કૂલમાં ચારેબાજુ એનર્જીથી ફાટફાટ થઈ હિલોળા લેતું યુવાધન હતું. સામેની ગર્લ્સ હોસ્ટેલમાં અનેક નવી હુસ્ન પરીઓનું આગમન થઈ ચૂક્યું હતું. એન્જલનો ફોન હું લગભગ રોજ ટ્રાય કરતો. 'ચકલી ચોરા' ની ઘટના પછી તે સ્વીચઓફ જ આવતો હતો. મને તેની બહુ ચિંતા થતી. તે સલામત હશે કે કેમ ? અમારી વચ્ચે એવો કોઈ ખાસ સંબંધ નહોતો કે હું ચિંતાથી વિશેષ કંઈ કરી શકું. એન્જલને હું ઈશિતાની જેમ લાઈફનો એક અનુભવ ગણી ભૂલવા માંગતો હતો. પણ હૃદય ઘણીવાર કહેતું દોસ્ત, પિક્ચર અભી બાકી હે.

વરસાદનો ત્રીજો રાઉન્ડ અનરાધાર વરસી રહ્યો હતો. આજે રવિવારની સાંજે ૪ વાગ્યે હું બાલ્કનીમાં હીંચકે બેસીને ચા પીતાં પીતાં વરસતાં વરસાદમાં ગર્લ્સ હોસ્ટેલની છોકરીઓના નીતરતા સૌંદર્યમાં ભીંજાઈ રહ્યો હતો. બાજુમાં પડેલાં મોબાઈલની સ્ક્રીન પર સાગરનો મેસેજ ફ્લેશ થયો. " ચા અધૂરી મૂકી, મારા રૂમના કબાટમાં પડેલો કેમેરો લઈને મળે એ પહેલી રિક્ષા પકડી 'પ્રદ્યુમન પાર્ક' ઝૂ એ પહોંચી જા. હું ગેટ પાસે તારી રાહ જોઈ રહ્યો છું."

મારી પાસે આ મેસેજની સુચના ફોલો કરવા સિવાય કોઈ વિકલ્પ નહોતો. સતત બે દિવસથી અનરાધાર વરસી રહેલા વરસાદમાં સાગરને ઝૂ માં જઈને શું કરવું હતું ?

★ ★ ★ ★

હું સાગરની સૂચના મુજબ મારતી રિક્ષાએ 'પ્રદ્યુમન ઝૂ' પહોંચ્યો. એ ગેટ પાસે એન્ટ્રી કેબીનમાં બેસી મારી રાહ જોઈ રહ્યો હતો. મેનેજર સાગરને અંદર જવા દેવાના મૂડમાં નહોતું. પરન્તુ સાગરે રજૂ કરેલા ઓફિશિયલ લેટર આગળ તેમનું કંઈ ચાલે તેમ નહોતું. " સાગર બાબુ, સાંભળીને ....આ ચોમાસાની ઋતુ છે. પ્રાણીઓને પણ તેમની પ્રાઈવેસી ગમતી હોય છે. તમને કંઈપણ થશે એની જવાબદારી અમારી નથી. ફક્ત ૨ કલાક...એની ઉપર એકપણ મિનિટ થશે તો નિયમ મુજબ તમારી ઉપર કાર્યવાહી થશે."

અધિકારીનો સત્તાવાહી રુઆબ જોઈને સાગર આછું હસ્યો."સરજી, લાગે છે તમે હજુ સાગરને ઓળખતાં નથી. એન્ડ મેં રજૂ કરેલો લેટર ધ્યાનથી વાંચ્યો નથી લાગતો. સત્તા અને કાયદાની કલમ હું તમારા કરતાં સારી રીતે જાણું છું. પ્રાર્થના કરજો મારે એ જ્ઞાનનો તમારા વિરુદ્ધ ઉપયોગ ના કરવો પડે. બીજું, બે કલાક ઊંઘી ખેંચી લેજો. તમારા નસીબમાં મને બે રાતના ઉજાગરા લખેલાં દેખાય છે." સાગર આટલું બોલી મારી સાથે કેબિનની બહાર નીકળ્યો.

સાગર અને હું ઝૂ માં દાખલ થયા. અમારા માટે એક ઈલેક્ટ્રિક જીપ તૈયાર હતી. હું અને સાગર તેમાં ગોઠવાયા. ડ્રાયવર સાગરનો જાણીતો હોય તેમ લાગ્યું. "સાગર , આપણે અહીંયા ચાલુ વરસાદે શું કરવાનું છે ?" મેં અધિરાઈથી પૂછ્યું.

"તારે કશું નથી કરવાનું. જે કરવાનું છે એ મારે કરવાનું છે. તારે ફક્ત સાક્ષી બનવાનું છે. આજની આ વરસાદી સાંજ અને પ્રાણીઓના વર્તનનું." મને કંઈ સમજાયું નહીં. હું અજીબ નજરોથી સાગરને જોઈ રહ્યો.

દોઢ મહિના બાદ મેં તેને નીરખીને જોયો. તેનો ચહેરાનું તેજ વધુ ચમકદાર બન્યું હતું. પણ તેનું શરીર થાકી રહ્યું હોય એવું લાગતું હતું. અમારી જીપ આગળ વધી. સાગરે પોતાની બેગ ખોલી. બેગમાં બે અનોખા પ્રકારના નાનકડા આંખ જેવડા યંત્રો હતાં. સાગરને એક નાનકડી ગન કાઢી. જેના બે નાળચા હતાં. સાગર એ નાનકડી ગનમાં બંને યંત્રો સાવધાનીથી ગોઠવી રહ્યો હતો.

તેનું આ પ્લાનિંગ પહેલેથી નક્કી હોય એવું લાગતું હતું. એ પીંજરું પાસે આવે એમ પાર્કમાં લાગેલા કેમેરાની નજરથી બચીને ગન ફાયર કરતો હતો. બંને યંત્રો પીંજરા સાથે ચોંટી જતાં હતાં. સાગર નક્કી કરેલા ચોક્કસ પીંજરા સામે જ ગન ફાયર કરતો. મારે રેન્ડમલી ફોટોગ્રાફી કરવાની હતી. વચ્ચે સાગર જીપ ઉભી રખાવી પાંજરા પાસે જઈને કોઈ નિષ્ણાત હોય એમ નિરીક્ષણ કરતો. છત્રીમાં પોકેટ બુક કાઢી કશું નોંધાવનો ડોળ કરતો. આ સમયે મારી પાસેથી કેમેરો લઈને દેખાવ ખાતર થોડા ફોટા પણ પાડતો.

અમે લગભગ બે કલાક ઝૂ માં ફર્યા. સાગરે પાસે ઝૂ નકશો હતો. તેને નક્કી કરેલા પાંજરા પર એ બંને યંત્રો લાગી ચુક્યા હતાં. એને એક જગ્યાએ જીપ ઉભી રખાવી. આળસ મરડીને જીપમાંથી ઉતર્યો. વરસાદનું જોર વધી રહ્યું હોય એવું લાગતું હતું. સાગરે બેગ લઈને મને કેમેરા સાથે નીચે ઉતરવા કહ્યું. અને જીપના ડ્રાયવરને ગેટ તરફ પાછા જવાનું કહ્યું. " યાદ છે ને દોસ્ત, તારે શું કહેવાનું અને કરવાનું છે ? તને કશું નહીં થાય."

"સાગરભાઈ તમારા અહેસાનો સામે આ તો કંઈ નથી. ગમે ત્યારે જરૂર પાડ આ બંદાને યાદ કરજો." કહીને સલામ મારી ત્યાંથી વિદાય લીધી.

હું અને સાગર વરસતાં વરસાદમાં ઉભા હતાં. "સાગર, આપણી બે કલાક પુરી થઈ ગઈ છે. હવે આપણે જશું કંઈ રીતે ?"

"આપણે ક્યાં પાછા જવાનું છે ? તું ક્યારેય ચાલુ વરસાદે તળાવમાં નાહ્યો છે ?" તેને રસ્તા પર ચાલવા માંડ્યું.

"સાગર, આવા વરસાદમાં એવું જોખમ ના લેવાય. આમ પણ મને થોડું થોડું તરતાં આવડે છે." હું તેની પાછળ ચાલતાં બોલ્યો.

"બહુ સરસ, આજે નક્કી તને તરતાં આવડી જશે ?" સાગરે આગળના રસ્તેથી વળાંક લેતાં કહ્યું.

" એટલે.....હું તારી જોડે તળાવમાં નાહવા નથી પડવાનો." મને આજ સાગર કંઈ ના કરવાનું કરવાનો હોય એવું લાગતું હતું.

"કાનજી પટેલ, આજથી તારી લાઈફની સેકન્ડ ઈનિંગ સ્ટાર્ટ થઈ રહી છે. તારો ટ્રેનિંગ પીરિયડ હવે પૂરો થયો. તું હવે તૈયાર છે. લડવા માટે." સાગર ઝડપથી એક દિવાલ પાસે પહોંચતા બોલ્યો.

"સાગર, તું જ્યાં સુધી મને શું કરવા માંગે છે એ નહીં કે ત્યાં સુધી હું તારી કોઈ વાત માનવાનો નથી." હું વિરોધ કરતાં બોલ્યો.

"તું તારી રીતે ડીસીઝન લઈ શકે એ વાતની હજુ ઘણીવાર છે બચ્ચું. તારે હજુ લડતાં શીખવાનું છે. વિરોધ કરતાં નહીં." સાગર દીવાલ પર ચડીને મને ઉપર ચડાવવા માટે હાથ દેતાં બોલ્યો.

"ભલે જે હોય તે, મને ખબર હોવી જોઈએ ને કે મારે કોની સામે લડવાનું છે. જેથી હું એ માટે મેન્ટલી પ્રિપેર રહી શકું.?" હું તેના હાથનો ટેકો લઈને ઉપર ચડ્યો.

"લડાઈ એવી એડવાન્સ નોટિસ આપીને દરવાજે દસ્તક ના આપે. એ તું ઊંઘમાં હોય ત્યારે ગરદન પર ચાકુ મૂકી દે.તમારે દરેક ક્ષણે તૈયાર રહેવું પડે. બાય ધ વે, પહેલી લડાઈ તો તારે ખુદની સાથે લડવાની છે. એમાં પાસ થઈશ અને જીવી જઈશ તો આગળ વધી શકીશ." સાગર દિવાલેથી કૂદકો મારી મને સલામત રીતે નીચે ઉતરતાં બોલ્યો.

"ડોન્ટ વરી. હું મને ઓળખું છું. મારી સામેની દરેક લડાઈ હું આસાનીથી જીતી જઈશ." હું લપસણી બનેલી કેડી પર સાવચેતીથી આગળ વધતાં બોલ્યો.

"માણસની તકલીફ શું છે તને ખબર છે ? એકાદ નાની જીત મળે કે સમય અને નસીબ તમને સાથ આપે એટલે નોલેજ અને આવડત વગર પોતાને હોશિયાર માનવા લાગે છે. અને નિષ્ફળતાનો નિયમ હોય એ પહેલાં તમને નાની સફળતાનો સ્વાદ ચખાડે. પછી એના નશામાં ભાન ભૂલો એની રાહ જુએ." સાગરને આગળ વધતા વરસાદ ચીકણી માટી કે ઝાડી - ઝાંખરા કશું નડતું નહોતું. એ જાણે આ જગ્યાનો ભોમિયો હોય એમ આગળ વધતો હતો.

" સાગર, મારી સાથે એવું કશું નહીં થાય. મને શીખવાડવા અને ટોકવા માટે તું, ગીતા અને મીરા છે. મને ખાતરી છે તમે મુસીબતના સમયે મને સાચવી લેશો." સાગર અચાનક ચાલતો અટકી ગયો.

"એવા ખોટા ભ્રમમાં ના રહેતો. લાઈફના એક સ્ટેજ પછી દરેક વ્યક્તિએ એકલું જ આગળ વધવું પડે છે. એ સમયે તમારા સહુથી અંગત વ્યક્તી ધારે તો પણ તમારી હેલ્પ નહીં કરી શકે. એન્ડ દોસ્તો રસ્તો કાઢવાની જેમ મુસીબત ઉભી કરવામાં માહેર હોય છે. સામે જો." સાગરે શ્વાસ નોર્મલ કરતાં કહ્યું.

સામેનું દ્રશ્ય જોઈ મારું હૃદય એક ધબકરો ચુકી ગયું. વરસતો વરસાદ અને ફક્ત પાણી...અમે કોઈ તળાવની પાળ નજીક આવી પહોંચ્યા હતાં. " સાગર તું મને ક્યાં લઈ આવ્યો ? હવે આપણે આગળ કેમ જશું ?" મેં નીચે નજર કરી. હું બે ડગલાં પાછળ હતી ગયો. નીચે આશરે સો ફૂટ જેટલું ઊંડું પાણીનું તળાવ હિલોળા લેતું હતું.

મેં તને કહ્યું હતું. "નિષ્ફળતા પહેલાં સફળતાનો સ્વાદ ચખાડી ભાન ભુલાવે. તું વાતોમાં આપણે અહીંયા શું કામ કરવા આવેલા એ પૂછવાનું પણ ભૂલી ગયો ? બસ હું દોરવું એમ મારી પાછળ ચાલતો રહ્યો.મારા પર વિશ્વાસ મૂકીને, ભાન ભૂલીને. હવે પરિણામ ભોગવવું રહ્યું." સાગરે મારી જેમ ડગલાં ભરી મારી પાછળ આવી પહોંચ્યો.

"એટલે, તું....નહીં સાગર તું આવું નહીં કરે ?"

"ત્રેવડ હશે તો તરી જઈશ. બાકી દુનિયાને એક ક્રિષ્ના પટેલ જીવે કે નહીં, એને બહુ ફર્ક નથી પડતો." આટલું બોલી હું કશું વિચારું એ પહેલાં મને પાછળથી પાણીમાં ધક્કો માર્યો.

હું...નહીં...નહીં...સાગર....કરતો હવામાં બચવાના હવાતિયાં મારતો પાણીમાં ખાબક્યો. **(ક્રમશઃ)**

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૨૦૨૦, તા. ૨૩-૦૨-૨૦૨૧, મંગળવાર, મહા સુદ-જયા એકાદશી, સૂર્યોદય-૬-૫૨, સૂર્યાસ્ત-૬-૧૮, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ આર્દ્રા

**- શુભ ચોઘડીયા -**

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

**- શુભ હોરા-**

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

સૂર્ય–કુંભ
ચંદ્ર–કર્ક
મંગળ–ધન
બુધ–કુંભ
ગુરૂ–ધન
શુક્ર–મેષ
શનિ–મકર
રાહુ–મિથુન
કેતુ–ધન
હર્ષલ–મેષ
નેપ્ચ્યુન–કુંભ
પ્લુટો–મકર

## રાશીફળ

» મેષ(અ.લ.ઈ.) :- જુના સંબંધો તાજા થાય મિલ્કતના પ્રશ્નોમાં કોઈ ઉતાવળા નિર્ણયો ન લેવા. માતુશ્રીએ સહકાર રહેવાનો.

» વૃષભ(બ.વ.ઉ.) :- તમારા કાર્યમાં કોઈ ન ધારેલી વ્યકિતનો સહકાર મલવાનો નોકરીમાં પ્રમોશન, ધાર્મિક કાર્યમાં સફળતા.

» મિથુન(ક.છ.ઘ.) :- જન્મ સમયના ગ્રહો પ્રમાણે લાભાલાભ મલવાનો અંતરંગ વર્તુળમાં તમારા કાર્યની પ્રસંશા થવાની છે.

» કર્ક(ડ.હ.) :- એકાગ્રતા કેળવવાથી લાભ રહે. નોકરીમાં લાભ મનગમતી જગ્યા મલે. કર્જમાં રાહતવાળો સમય.

» સિંહ(મ.ટ.) :- મહેનતનું ફળ મલવાનું નોકરીમાં લાભ મલવાનો હરીફો ઉપર વર્ચસ્વ વધવાનું મિત્રોનો સહકાર રહે.

» કન્યા(પ.ઠ.ણ.) :- ભાઈ બહેનની સગાઈના કાર્યોમાં અનુકુળતા આત્મવિશ્વાસ કેળવવો. પ્રવાસમાં અનુકુળતા રહે.

» તુલા(ર.ત.) :- નોકરી-ધંધામાં માહોલ અનુકુળ રહેવાનો પ્રવાસમાં અનુકુળતા ગુસ્સાને કાબુમાં રાખજો તમારા વર્તનમાં સુધારો જરૂરી.

» વૃશ્ચિક(ન.ય.) :- શેર સટ્ટામાં વિચારપૂર્વક રોકાણ કરજો. ઉધારી ધંધાથી દૂર રહેજો વિદેશથી આર્થિક લાભ મલવાનો રોમાન્સમાં સફળતા.

» ધન(ભ.ધ.ફ.ઢ.) :- માનસિક તનાવ દૂર થાય. નોકરીમાં ફેરફારોની ઈચ્છા ફળવાની. નવા સંબંધો બનાવવાની ઈચ્છા ફળવાની.

» મકર(ખ.જ.) :- વિદેશથી કે દૂરના અંતરેથી સારા સમાચાર સાથે સ્વાસ્થ્ય બાબત જાળવવું મનગમતી વ્યકિત સાથે મુલાકાત થાય.

» કુંભ(ગ.શ.સ.) :- પરિવારના ઉત્સાહનો માહોલ ઉભો થાય મિલ્કતના પ્રશ્નોમાં અનુકુળતા રહે. અભ્યાસમાં સફળતા રહે. પ્રવાસ થાય.

» મીન(દ.ચ.ઝ.) :- કિંમતી ચીજ વસ્તુની ખરીદી પાછળ ખર્ચ રહે. પરિવારના વડીલો સાથે વ્યર્થ દલીલ બાજીથી દૂર રહેજો.

# મહાનગરોની બહુમતિ જનતાનું ભ્રષ્ટાચાર માટે મુક સમર્થન


રાજ પ્રજાપતિ
બ્રહ્માસ્ત્ર

તાજેતરમાં યોજાયેલી છ મહાનગરપાલિકાઓની ચૂંટણીના મતદાનની ટકાવારી સરેરાશ ૪૨ ટકા રહી છે, ભૂતકાળમાં પણ ૩૮ ટકા જેવું મતદાન થયેલ છે પ્રજાનો આ આક્રોશને ભ્રષ્ટાચારને સમર્થન કરવા જેવો ગણાય છે,

લોકસભા, ધારાસભા કરતાં દસ ગણુ વધુ મહત્વ ધરાવતી સ્થાનિક સતામંડળોની ચૂંટણીમાં મતદાન નહી કરીને મતદારો વ્યવસ્થા તંત્રને ખુબ મોટું નુકસાન પહોચાડી રહ્યા છે,

મહાનગરો પાછળ ખર્ચાતા કરોડો રૂપિયા નિષ્ફળ ગયા ગણી શકાય કારણકે મહાનગરોના શિક્ષિત મતદારોમાં નોકરીયાતો, વેપારીઓ, ઉચ્ચ શિક્ષિતો, અધિકારીઓ, ઉદ્યોગકારો, પુખ્ત વિદ્યાર્થીઓ, સહિત બહુમતિ મતદારો શિક્ષિત છે

અભણ કરતા શિક્ષિત મતદારોએ મતદાનની મહત્વતા સ્વિકારી નથી કારણ કે શિક્ષિત લોકો સ્વાર્થી સાબિત થઈ રહ્યા છે, શહેરના લોકોને એના પોતાના સ્વાર્થ પુરતી મહત્ત્વતા હોવાથી મતદાન પ્રત્યેની નારાજગી વાસ્તવમાં ભ્રષ્ટાચારને સ્વિકાર્યાની સંમતી બની રહે છે,

સ્થાનિક સતા મંડળો લોકશાહીનું હાડપિંજર ગણાય છે પ્રજાસતાક વ્યવસ્થાનો પાયો પંચાયતો અને નગરપાલીકાઓ છે પાયામાં કાચું રહે છે એટલે ધારાસભાઓ અને સંસદમાં ભ્રષ્ટાચારીઓ સરળતાથી સતા મેળવી શકે છે,

આ ચૂંટણીમાં ખરેખર તો ઉમેદવારોની સ્થાનિક તંત્રના સંચાલનને લાયક લાયકાતો નહોતી, રાજકીય પક્ષોની ગુલામી કરતા ખેસ પટ્ટા પહેરેલા ઉમેદવારો તરફ લોકોને અણગમો ભારોભાર વધી રહ્યો છે,

મહાનગરપાલીકાના ઉમેદવારોને જી.પી.એમ.સી - ચગુજરાત (બોમ્બે) પ્રોવિઝનલ મ્યુનિસિપલ કોર્પોરેશન એકટ્ નું પ્રાથમિક જ્ઞાન તેમજ શહેરી વિકાસ વિભાગના કાયદાઓ અને કમિશ્નર મેન્યુઅલ કાર્યરીતીઓની જાણકારી હોવી જોઇએ પરતું શિક્ષિત ઉમેદવારોને પણ જેના માટે પ્રતિનિધિત્વ કરવુ છે એના કાયદાઓ અને કાર્યરીતિઓની જાણકારી નથી,

જીલ્લા અને તાલુકા પંચાયતોના ઉમેદવારોને પણ પંચાયત અધિનિયમ અને પંચાયતી રાજના કાયદાઓ, ઠરાવોની જાણકારીઓ નથી,

પંચાયતોના સભ્યોને પંચાયત અધિનિયમ, ગણોત અધિનિયમ, મહેસુલ અધિનિયમ, ખાણ ખનીજ અધિનિયમ, કૃષિ અધિનિયમો, પશુપાલન અધિનિયમ, સિંચાઇ અધિનિયમ, વન પર્યાવરણ અધિનિયમો, મામલતદાર મેન્યુઅલ, ટી.ડી.ઓ. મેન્યુઅલ, પ્રાંત મેન્યુઅલ, ડીડીઓ મેન્યુઅલ, તલાટી મેન્યુઅલ એટલે કે કાર્યરીતીઓની પ્રાથમિક જાણકારીઓ હોવી જોઇએ પરંતુ એકપણ ઉમેદવારને આ બધી બાબતો વિશે રતિભાર માહિતી નથી,

ઉમેદવારોને સ્થાનિક સતામંડળોના કાયદાઓ, અધિનિયમોની જાણકારી નથી એવી રીતે મતદારોને પણ ખબર નથી કે કોર્પોરેશનો, નગરપાલિકાઓ, પંચાયતોના ઉમેદવારની પ્રશાસનિક લાયકાત શું હોવી જોઇએ,

પ્રજાનું પ્રતિનિધિત્વ કરનાર સભ્ય પાસે સરકારી નોકરીયાતોને માટેના રાજ્યસેવા વર્તુણુંક અને શિસ્ત અધિનિયમો અને સંગત ઠરાવો તેમજ કાર્યરીતીઓની જાણકારી અચુક હોવી જોઇએ, સ્થાનિક સતામંડળોમાં અપ્રમાણિક રીતે કામ કરતા નોકરીયાતો વિરૂધ્ધ શિક્ષાત્મક કાર્યવાહી કરવાની વિશેષ સતાઓ સ્થાનિક સ્થાયી સમિતિઓની છે,

ચૂંટણી કોઈપણ હોય મતદાન પ્રજાસતાક રાષ્ટ્રધર્મ અને નાગરિક ફરજ છે, મતદારો મતદાન કરતા નથી એનો અર્થ ભ્રષ્ટાચાર કે ગેરરીતીઓ, અન્યાયને મુક સમર્થન આપી રહ્યા છે,

સ્થાનિક સતામંડળોના ફરજીયાત ગ્રાન્ટ, ખર્ચ, યોજનાકીય ગ્રાન્ટ, કેન્દ્ર સરકારની ગ્રાન્ટ, રાજય સરકારની ગ્રાન્ટ, શૈક્ષણિક ગ્રાન્ટ, આરોગ્યલક્ષી ગ્રાન્ટ, વગેરે અનેક પ્રકારની નાણાંકીય ખર્ચાઓના બીલ, વાઉચર, ટેન્ડરો, હિસાબોના ઓડીટ ચકાસવાની જવાબદારીઓ સભ્યો અને સ્થાયી સમિતિઓની હોવા છતાં એકપણ ઉમેદવારને ઓડીટ વિશે જાણકારીઓ નથી, આજ સુધીના સભ્યોએ પણ સ્થાનિક ઓડીટ ચકાસણીઓ કરી નથી, ફકત મંજૂરીઓ આપી છે,

મતદાનથી ઉદાસીનતાનું કારણ મતદારો હતોત્સાહ થયા છે, રાજકીય પક્ષોએ જાતીવાદ આધારિત ઉમેદવારો ઉભા રાખ્યા છે, આ ઉમેદવારો પ્રજાના પ્રતિનિધિ નથી પરતું પક્ષના પ્રતિનિધિ છે, પક્ષના ઉમેદવારો અને ચૂંટાયા પછી રાજકીય સભ્ય પોતે પણ પક્ષના હાઈકમાન્ડના ગુલામો જેવા હોય છે,

શિક્ષિત યુવા શકિતને મળેલું ઉચ્ચ શિક્ષણ નિષ્ફળ ગયુ હોય તેવો સિનારીયો ઉભો થતો જાય છે, શિક્ષણ કમાવા અને નિર્વાહના ધંધો રોજગાર પુરતું સિમિત રહી ગયુ છે, શિક્ષિત નાગરીકોએ રાષ્ટ્રધર્મની ફરજ બજાવી નથી,

દર વર્ષે કોઈ ને કોઈ ચૂંટણી હોય છે, નાગરીકોને ૩૬૫ દિવસમાં રવિવારના રજા દિવસે બે કલાકનો સમય આપી મતદાન કરવાનું હોય છે છતાં શિક્ષિત લોકો ગંભીરતાથી મતદાન કરતાં નથી,

સ્થાનિક ચૂંટણીઓમાં મતદાનનું ખાસ મહત્વ છે, રાજયના કુલ બજેટના રૂપિયા સ્થાનિક સતામંડળોને સીધી સ્પર્શતી યોજનાઓ અને સાર્વજનીક સુવીધાઓ માટે ફાળવવામાં આવે છે, સૌથી વધુ મુલ્ય સ્થાનિક ચૂંટણીનું છે જેમાં ૧૦૦ ટકા મતદાન થવુ જોઈએ તેના બદલે સૌથી ઓછું મતદાન મુળભુત પાયાની સાર્વજનીક વ્યવસ્થા માટે ઘાતક પુરવાર થાય છે,

આપણે ત્યાં ચૂંટણી ફકત રાજકીય ધંધો બની ગયો છે, રાજકીય પક્ષો માટેના આ ધંધાદારી રાજકારણે જનપ્રતિનિધિત્વની ભાવનાઓનો નાશ કરી દિધો છે એનો અર્થ એવો નથી કે પ્રજાએ પણ રાજકીય પક્ષોની ગુલામી કરવી જોઈએ, રાજકીય પક્ષોના ઉમેદવારો પક્ષના ગુલામ બની રહે છે પણ એ સિવાય અપક્ષ ઉમેદવારોને પણ પક્ષના ઉમેદવારો જેટલી સમાન સતાઓ મળતી હોય છે તેથી અપક્ષ ઉમેદવારોને મતદાન કરી શકાય છે,

કોર્પોરેશનો, નગરપાલિકાઓ, તાલુકા, જીલ્લા, ગ્રામ પંચાયતોની ચૂંટણી ૨૧ થી ૩૫ વર્ષના ઉમેદવારો માટેની ચૂંટણી છે, ગ્રામ પંચાયતો ૨૧ થી ૩૦ વર્ષના લોકો માટે છે, પ્રમુખો, મેયરોની વધુમાં વધુ ઉંમર ૩૫ વર્ષની હોવી જોઇએ,

જીલ્લાના મુખ્ય અધિકારીઓ એવા આઈ.એ.એસ., આઈ.પી.એસ. ની ઉંમર સરેરાશ ૨૫ થી ૪૦ વર્ષની હોય છે તેની સાથે કામ કરવા માટે પ્રજાના પ્રતિનિધિઓની ઉંમર પણ ૨૫ થી ૩૫ વર્ષની હોવી જોઇએ,

આજે ૨૫-૩૫ વર્ષના મામલતદારો, પ્રાંત અધિકારીઓ, પી.આઈ., ડીવાયએસપી, ટીડીઓ, ડીડીઓ, કમિશ્નરો, નાયબ કમિશ્નરો હોય છે તો જનસભ્યો પણ તેની સમકક્ષ હોવા જોઇએ,

સ્થાનિક સતા મંડળોમાં કાયદાઓ વાંચી શકે, જાહેર પરીસ્થીતીઓના નિરિક્ષણ કરી શકે, નાણાકીય વ્યવસ્થાપનની યોગ્ય ફાળવણી કરી શકે, કાયદાઓ મુજબ તટસ્થ કાર્યરીતીઓનો અમલ કરાવી શકે તેવા શિક્ષિત યુવા જનપ્રતિનિધિઓ હોવા જોઇએ,

ખાસ તો, રાજકીય પક્ષો સંગઠનના આધારે જાતીવાદથી પાર્ટી મેન્ડેટ આપીને મોટા ભાગના ગેરલાયક ઉમેદવારો પ્રજા ઉપર ઠોકી બેસાડે છે જેના કારણે મતદારો વધુ નારાજ થાય છે,

રાજકીય પક્ષોએ ફકત સગાવાદ, જાતીવાદ અને સંગઠનની ગરજ પ્રમાણે મોટાભાગના ગેરલાયક મનસ્વી ઉમેદવારોને મેન્ડેટ આપવાનું બંધ કરવું જોઇએ, સ્થાનિક ચૂંટણીઓમાં ૩૫ વર્ષ સુધીની વય મર્યાદાઓ નિશ્ચિત કરવી પડશે,

ડીજીટલ ટેકનોલોજીનો ઉપયોગ કરતી આજની પ્રજાને અમલમાં લાગુ પડતાં કાયદાઓ જોવા જાણવા વાંચવા નથી, સ્થાનિક સુવ્યવસ્થા માટે કોઇ વિચાર કરતાં નથી, ચૂંટણીઓને રાજકીય પક્ષોની જવાબદારી ગણીને લોકો ઓછું મતદાન કરીને એક પ્રકારે ચૂંટણીઓનો બહિષ્કાર કરી રહ્યા છે તે લોકશાહી તંત્ર માટે નુકસાનદાયી બની જાય છે,

આગામી રવિવારે પંચાયતો અને નગરપાલિકાઓમાં ૧૦૦ ટકા મતદાન થાય તે માટે રાજકીય પક્ષો, સામાજીક સંસ્થાઓ, ગરબી મંડળો, યુવક મંડળો, મહિલા સંસ્થાઓએ દરેક સોશિયલ મીડિયા માધ્યમથી સઘન ઝુંબેશ ચલાવવી જોઇએ જેથી ૧૦૦ ટકા મતદાન કરીને સાચા અર્થમાં લોકશાહીનું જતન કરી શકીએ.

મતદાન એ દરેક નાગરીક મતદારનો રાષ્ટ્ર ધર્મ છે નાગરીક ફરજ છે, અચુક મતદાન કરો, જાતીવાદ, સગાવાદ, રાજકીય પક્ષને ભુલીને માત્ર શ્રેષ્ઠ ઉમેદવારોને મતદાન આપીએ એજ સૌની ખરી જવાબદારી છે.

# ગુજરાત રાજ્યના ઘડવૈયા અને દેશની આઝાદીના સૈનિક ક્યા કારણે ભુલાયા.....?

ગુજરાતમાં રવિવારે મહાનગરપાલિકાઓની ચૂંટણી યોજાઈ ગઈ જેમા લોકોને રાજસત્તા અને રાજકીય પક્ષો માટે કેવી નફરત પેદા થઈ ગઈ છે તેના પ્રત્યાઘાત ઓછુ મતદાન કરીને આપી દીધા છે.....! તે સાથે ચૂંટણી જીતવાની દાવેદારી કરનારા રાજકીય પક્ષોની ઊંઘ હરામ કરી નાખી છે ત્યારે મુંબઈ રાજ્યમાંથી ગુજરાતને અલગ રાજ્ય બનાવવા માટે લડત ચલાવનાર અલગારી ફકીર આમ પ્રજામાં લાડીલા એવા ઈન્દુચાચા ઈન્દુલાલ યાજ્ઞિકનો ૨ ફેબ્રુઆરીએ જન્મ દિવસ હતો તે સાથે દેશની આઝાદી માટે ગરીબોની ગરીબી જોઈને માત્ર ધોતીભેર રહીને આમ પ્રજાને એકતાંતણે બાંધી અંગ્રેજ સલ્તનત સામે લડત લડનાર ગાંધીજીની જીવન પર્યંત ખભેખભો મિલાવી સતત અદકેરી સેવા કરનાર તેમના ધર્મપત્ની ટસ્તુરબાની પુણ્યતિથિ હતી ત્યારે કોઈ રાજકારણીએ તેમને યાદ કર્યા હોય તેવા સમાચાર કે કાર્યક્રમ યોજાયા નથી,એક પણ રાજકારણી તેઓના વિશે બે બોલ કહેવાનુ કે બોલવાનું ભૂલી ગયા છે.....! ત્યારે પોતીકાઓજ ગુજરાત રાજ્યની સ્વતંત્રતામાં માટે મહા ગુજરાત આંદોલનના સૂત્રધાર ઈન્દુચાચાને તથા દેશની આઝાદી માટે સમગ્ર દેશને સાથે જોડી લડતના સૂત્રધાર ગાધીજીના પત્નિ કસ્તુરબા સદંતર ભુલાઈ ગયા છે.... ત્યારે એક જૂની કહેવત યાદ આવે છે ગુજરાત ગાડી અને છતાં ધણીએ....?! તે સાથે ઈન્દુલાલ યાજ્ઞિકે પોતાની આત્મકથામાં લખેલા શબ્દો "પહેલા સમાજ લોટ જેવો હતો પાણી નાખતા જ ભેગો થઈ જતો હતો અને આજનો સમાજ રેતી જેવો છે.... લોકો વેરવિખેર થઈ ગયા છે, મૂડીએ માનવતા પર ચડાઈ કરી છે, લોકો પૈસા પાછળ ઘાઘા થયા છે, એકબીજાના સુખ-દુઃખમાં જોતા નથી....

# ડોંગરી પોલીસે ૧૨.૫૦ કરોડથી વધુના એમડી ડ્રગ્સ સાથે ત્રણની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ .તા.૨૨

ડોંગરી પોલીસે છેલ્લા નવી મુંબઈ, ઘાટકોપર અને ડોંગરી વિસ્તારમાંથી ત્રણ ડ્રગ પેડલરને ઝડપી પાડીને રૂ. ૧૨.૫૦ કરોડથી વધુની કિંમતનું મેફેડ્રોન (એમડી) ડ્રગ્સ જપ્ત કર્યું હતું.

ડોંગરી પોલીસે અટક કરેલા આરોપીઓની ઓળખ ઈસાક ઈકબાલ હુસેન સૈયદ (૩૮), અબ્દુલ વસીમ અબ્દુલ અઝીઝ શેખ (૩૧) અને દીપક સંજીવ બંગેરા (૫૫) તરીકે થઈ હતી. ડોંગરી પોલીસે ૧૮ ફેબ્રુઆરીએ શંકાને આધારે ઈસાક સૈયદને પીછો કરીને તાબામાં લીધો હતો અને તેની પાસેથી રૂ. ૬૦ હજારનું એમડી ડ્રગ્સ જપ્ત કર્યું હતું. ઈસાકની પૂછપરછમાં તેને આ ડ્રગ્સ અબ્દુલ વસીમ શેખે આપ્યું હોવાનું જણાયા બાદ પોલીસે નવી મુંબઈના વાશી ખાતે હોટેલમાંથી અબ્દુલ વસીમ શેખને રૂ. ૨.૮૦ લાખની કિંમતના એમડી ડ્રગ્સ સાથે ઝડપી પાડ્યો હતો.

ડોંગરી પોલીસે ત્યાર બાદ શનિવારે ઘાટકોપર વિસ્તારમાંથી અબ્દુલ વસીમ શેખના સાથીદાર દીપક બંગેરાની ધરપકડ કરી હતી. તપાસ દરમિયાન દીપક બંગેરાએ તેના કાલિના વિસ્તારમાં આવેલા નિવાસે ડ્રગ્સ રાખ્યું હોવાનું જાણવા મળ્યા બાદ પોલીસે દીપકના નિવાસેથી રૂ. ૧૨.૫૦ કરોડની કિંમતનું ૨૫ કિલો એમડી ડ્રગ્સ જપ્ત કર્યું હતું. દીપકના નિવાસેથી પાંચ લાખની રોકડ, બે વજન કાંટા, પ્લાસ્ટિકની થેલીઓ તથા અન્ય મતા જપ્ત પણ કરાઈ હતી.

# પાલઘર કલેક્ટર દ્વારા કરવામાં આવેલ મોટી કાર્યવાહી એક જ રાતના ત્રણ લગ્ન સમારંભોમાં છાપો માર્યો

## રિસોર્ટ માલિક, કેટરર્સ,ડીજે માલિક સાથે ત્રણેય વર-વહુના પિતા વિરુદ્ધ ગુનો



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૨

પાલઘર જિલ્લાના કલેકટરે રવિવારે રાત્રે એકી સાથે ત્રણ સ્થળ જેમા રિસોર્ટમા છાપો મારવામા આવ્યો હતો.લગ્નમા મોટી સંખ્યામા લોકોની હાજરી હતી તેમજ કોરોનાના પગલાંના નિયમોનું પાલન ન કરવાથી પગલાં લેવામાં આવ્યા.હતા. રિસોર્ટ માલિક, કેટરર્સ, ડીજે માલિક સાથે ત્રણ વર-વહુના પિતા સામે કેસ દાખલ કર્યો,

પાલઘર જિલ્લાના શિરગાંવ,સાતપતી અને ઉમરોલીમા લગ્ન સમારોહ રવિવારે યોજવામા આવ્યો હતો.પાલઘર જિલ્લાના કલેકટર માણિક ગુરસલે માહિતી મળી હતી કે તે લગ્ન સ્થળે આપવામા આવેલ ૫૦ જણની પરવાનગીથી વધારે લોકો હાજર છે.તેમજ તેમજ કોરોનાના પગલાંના નિયમોનું પાલન ન કરતા ઉલ્લંઘન કરવામા આવ્યુ છે.કાયદાનું પાલન ન કરનારાઓને પાઠ ભણાવવા તેઓએ ઉપજિલ્લાધિકારી કિરણ મહાજન, તહસિલદાર સુનિલ શિંદેને સાથે લઈ જલદેવી રિસોર્ટ,સાતપાતી અને માછીમાર કોલીની સાતપાતી અને ઉમરોલી બિરવાડી ખાતેના ત્રણેય લગ્ન સમારોહમા છાપો માર્યો હતો.જ્યાં જ્યા ૨૦૦ થી વધારે લોકો વિના માસ્ક હાજર હતા.કલેકટરે રિસોર્ટ માલિક, કેટરર્સ,ડીજે માલિક સાથે ત્રણેય ઠેકાણેના વર-વહુના પિતાને તાબામા લઈ તેઓ વિરુદ્ધ બોઈસર તેમજ સાતપતી પોલિસમા ગુનો દાખલ કરાવ્યો છે.

# મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ઓટો, ટેક્સી ભાડામાં રૂા.૩નો વધારો ઝીંકાયો



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૨

મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં ઓટો, ટેક્સી ભાડામાં રૂ .૩ નો વધારો થતા હવે રિક્ષામા મિનિમમ ૨૧ અને ટેક્ષીમા ૨૫ રૂપિયા નાગરિકોને ચૂકવવા પડશે. પેટ્રોલ ડિઝલના ભાવમા વધારો થતા ઓટો અને ટેક્શી યુનિયન મુંબઈ, થાણા, નવીમુંબઈ દ્વારા ભાડામા વધારાની માગણી છેલ્લા કેટલાય સમયથી કરવામા આવી હતી.છેલ્લા પાંચ વર્ષથી એક પણ પૈસો ભાડામા વધારવામા આવ્યો ન હતો.જ્યારે મેઈન્ટેંનન્સ ,ઈન્સ્યુરંન્સના ખર્ચમા ભારે વધારો થયો હતો.અંતે આજે તેઓની માગણી સ્વીકારવામા અવી છે.રિક્ષાનું જે ભાડુ મિનિમમ ૧૮ રૂપિયા હતુ તેમા હવેથી ૩ રૂપિયા વધતા ૨૧ રૂપિયા એટલેકે ૧૬.૬૬ ટકા ભાડુ વધશે ,જ્યારે ટેક્ષીનું ભાડુ જે મિનિમમ ૨૨ હતુ તેમા ૩ રૂપિયા વધતા હવે ૨૫ રૂપિયા એટલેકે ૧૩.૬૪ ટકા ભાડુ વધશે..રિક્ષા અને ટેક્ષીચાલકોને એપ્રિલ ૨૦૨૦ થી જૂન ૨૦૨૦ દરમિયાન કોરોનાને લઈને લોકડાઉને તેઓને એક રૂપિયાની આવક થઈ ન હતી.હવે ભાડા વધારો થતા તેઓને રાહત મળી છે.જ્યારે નાગરિકો પર એક ઔર મોંઘવારીનો ભાર આવશે.

# ઘોડબંદર ટોલાનાકુ ૨૩ ફેબ્રુઆરીના મધ્યરાત્રિથી કાયમ માટે બંધ રહેશે

ચક્રવાત ટીમ, મુંબઈ તા.૨૨

મીરા ભાઈંદર મહાનગર પાલિકાની હદમાં ઘોડબંદર રોડ પર આવેલા ઘોડબંદર (વર્સાવે) ટોલનાકા આખરે ૨૩ ફેબ્રુઆરીના રોજ મધરાતથી ૧૨ વાગ્યેથી સંપૂર્ણ રીતે બંધ રહેશે. સ્થાનિક ધારાસભ્ય પ્રતાપ સરનાઈકે એમએસઆરડીસી અને શહેરી વિકાસ પ્રધાન એકનાથ શિંદેને ટોલ પ્લાઝા બંધ કરવા બદલ આભાર માન્યો છે. એકનાથ શિંદેને ધારાસભ્ય સરનાઈક દ્વારા સમયાંતરે અનુસરવામાં આવતા. તોલાનાકા બંધ થતાં થાણે અને મીરા ભાઈંદરના લાખો વાહન ચાલકોને રાહત મળી છે. ઘોડબંદર (વર્સાવે)ના ટોલ પ્લાઝા પરના તમામ નાના વાહનોને ટોલથી રાહત મળી ગઈ છે. માલ વહન કરતા ભારે વાહનો પર જ ટોલ વસૂલવામાં આવતો હતો. પરંતુ તે ટ્રાફિક જામ કરતો હતો. લાંબા સમય સુધી, નાગરિકોને ભીડમાં ફસાઈ જવું પડ્તુ હતુ.. ટોલ કલેક્શન કરતી કંપની આઈઆરબી દ્વારા પણ રસ્તાનું સંચાલન કરવામાં આવતું હતું. તેથી, સ્થાનિક ધારાસભ્ય પ્રતાપ સરનાઈકે માંગ કરી હતી કે આ ટોલ પ્લાઝાને રદ કરવામાં આવે અને તેને અહીંથી કાયમી ધોરણે હટાવવામાં આવે. સરનાઈકે આક્ષેપ કર્યો હતો કે ટોલ પ્લાઝાને લઈને ટ્રાફિક જામ થાય છે, નાગરિકો અને વાહન ચાલકોને બિનજરૂરી હાલાકી ભોગવવી પડી હતી, ટ્રાફિક જામ થયો હતો અને ટોલ પ્લાઝા ફક્ત આઈઆરબી કંપનીના ફાયદા માટે ચલાવવામાં આવી રહ્યો હતો. સ્થાનિક ધારાસભ્ય તરીકે સરનાઈકે ટોલનાકાને કાયમી ધોરણે બંધ કરવાની માંગ કર્યા બાદ એમએસઆરડીસીના પ્રધાન એકનાથ શિંદેએ પણ નિર્ણય લીધો છે. આ ટોલાનાકાને આપેલ એક્સ્ટેંશન રદ કરવામાં આવ્યું છે તેથી આ તોલાનાકાને દેશનિકાલ કરવામાં આવશે. થાણેથી ઘોડબંદર માર્ગ સમયે સમયે ભારે ભીડ જામી હતી. વાહનોની વધતી સંખ્યા અને ટ્રાફિક ભીડને ધ્યાનમાં રાખીને સરનાઈક પહેલાથી જ ગૌમુખ અને વર્સાવે વચ્ચે એલિવેટેડ ફ્લાયઓવર બનાવવાની માંગ કરી ચુક્યા છે. એલિવેટેડ ફ્લાયઓવરનું આ કાર્ય ભવિષ્યમાં પણ અહીંથી શરૂ થશે. ધારાસભ્ય સરનાઈકે પણ મંત્રીઓને આગલા તબક્કામાં સમાન રીતે મુલુંડ અને દહિસર ટોલનાકાને રદ કરવા અને થાણે-મીરા ભાઈંદરના નાગરિકોને રાહત આપવા વિનંતી કરી છે.

# મુંબઈ સહિત દેશમાં ઈંધણના ભડકે બળતા ભાવ

## યુવસેનાએ પોસ્ટર લગાવ્યા. ક્યાં યહી અચ્છે દિન હૈ?




ચક્રવાત ટીમ મુંબઈ તા ૨૨

મુંબઈ સહિત દેશભરમાં પેટ્રોલ ડીઝલ રાંધણગેસના ભાવમાં સતત બેફામ વધારો થઈ રહ્યો છે ત્યારે શિવસેનાની યુવા પાંખ દ્વારા મુંબઈમાં કેન્દ્ર સરકાર વિરુદ્ધ પોસ્ટર વૉર શરૂ કરાયું છે. જેમાં પેટ્રોલ ડીઝલ અને એલપીજી ના ભાવ દર્શાવી પ્રશ્ન પૂછ્યો છે કે ક્યાં યાહી અચ્છે દિન હૈ? આ પોસ્ટર માં ૨૦૧૪ અને ૨૦૨૧ ના ભાવ લખવામાં આવ્યા છે.ખાસ કરીને અચ્છે દિન નું ગાણું ગાતા પીએમ પર નિશાન તાકવામાં આવ્યું છે. મુંબઈના બાંદ્રા પરિસરમાં જ્યાં મુખ્યપ્રધાન ઉદ્ધવ રહે છે તેની નજીક પોસ્ટર લગાડયું છે. શું આવા અચ્છે દિન લાવવા માટે વચન અપાયું હતું? ૨૦૧૫માં પેટ્રોલ ૬૪ રૂપિયા પ્રતિ લીટર હતું જ્યારે આજે ૯૬ રૂપિયા છે. ડીઝલ ૫૨.૯૯ ની જગ્યાએ હાલમાં ૮૮ રૂપિયા પર પહોંચી ગયું છે. શું આને અચ્છે દિન કસી શકાય? આ પહેલા શિવસેના અને સાથી પક્ષો દ્વારા બળદગાડા પર મોરચો કાઢી વિરોધ કરાયો હતો. ઈંધણના ભાવવધારાને કારણે પ્રજા પીસાઈ રહી છે તેમ છતાં કેન્દ સરકાર કુંભકર્ણની નિંદ્રામાંથી ઉઠતી નથી તેવી ટીકા યુવાસેનાએ કરી છે.

હાલમાં જ કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારામે સ્વીકાર્યું હતું કે ઈંધણના ભાવ વધી રહ્યા છે અને આ માટે કેન્દ્ર તેમ જ રાજ્યસરકાર દ્વારા સંયુક્ત પ્રયાસ કરી નીચા લાવવા જોઈએ.

## આગલી સરકારે તેલના કૂવા ગોત્યા અને હાલની સરકારે વેચવા કાઢ્યા : સામના



તેલના આસમાનને આંબતા ભાવને કારણે શિવસેનાના મુખપત્ર સામના માં સંજય રાઉતે પીએમ મોદી પર નિશાન સાધતા જણાવ્યું છે કે આગલી સરકારે તેલના કૂવાને શોધી કાઢવાનું કામ કર્યું હતું જ્યારે હાલની સરકારે તેને વેચી નાખવાનો પ્લાન બનાવ્યો છે. કોલકાતામાં સોનાર બંગલો બનાવવા બીજેપી મચી પડી છે અને દેશને ઇંધણના ભાવવધારામાં ઝોકી દીધો છે. મહારાષ્ટ્રના અનેક મામલામાં તંગ અડાડી આંદોલન કરનારી બીજેપી ભાવવધારા મામલે કેમ ચૂપ છે? તેવો પ્રશ્ન રાઉતે કર્યો છે. એટલુજ નહિ ભાવવધારાના મામલે આ પહેલા કાગારોળ મચાવનારા સેલિબ્રિટી હાલમાં કેમ મોઢું સિવી બેઠી છે તેવી ટીકા કરી હતી. મોદીએ આ પહેલાં ભાવવધારા માટે તે સમયની કોંગ્રેસ સરકારને લૂટેરી કહી હતી જ્યારે આજે જો કોઈ મોડી અથવા કેન્દ્ર સરકાર વિરુદ્ધ બોલે તો તેને દેશદ્રોહી કહેવામાં આવે છે તેવો આક્રોશ નિરુપમે વ્યક્ત કર્યો હતો.

# કોરોનાએ માથુ ઉચકતા મહારાષ્ટ્રના પ્રવાશીઓને કર્ણાટકમાં પ્રવેશ પર પ્રતિબંધ



ચક્રવાત ટીમ, મુંબઈ, તા.૨૨

મહારાષ્ટ્રમાં કોરોના ફાટી નીકળવાના કારણે કર્ણાટક સરકારે મહારાષ્ટ્રના મુસાફરોને કર્ણાટકમાં પ્રવેશ પર પ્રતિબંધ મૂક્યો છે. કર્ણાટકમાં કોરોના ચેપના ફેલાવાને રોકવા માટે કર્ણાટક સરકારે સાવચેતી પગલા તરીકે આ નિર્ણય લીધો છે

કર્ણાટક સરકારે મહારાષ્ટ્રથી કર્ણાટક જતા મુસાફરોને પ્રતિબંધિત કર્યા છે. ફક્ત ૭૨ કલાકની અંદર કોરોના નેગેટીવ વાળાઓને જ કર્ણાટકમાં દાખલ કરવામાં આવી રહ્યા છે. કોગનોલી ટોલ પ્લાઝા પર કર્ણાટક સરકાર દ્વારા દરેક મુસાફરોની તપાસ કરવામાં આવી રહી છે. જેમનો અહેવાલ નેગેટીવ છે તે જ કર્ણાટકમાં દાખલ થયા છે. પોઝિટીવ એવા લોકોને પાછા મોકલવામાં આવી રહ્યા છે. કોગનોલી નાકા ખાતે અચાનક નિરીક્ષણ શરૂ થતાં અનેક મુસાફરોને અસુવિધા થઈ રહી છે. તેથી આ મુસાફરોને કલાકો સુધી કતારમાં જ અટકવું પડે છે. તે પણ કેટલાક ટ્રાફિક ભીડનો સામનો કરી રહ્યો છે. મહારાષ્ટ્રમાં કોરોનાનો વ્યાપ વધ્યો છે. અનેક જગ્યાએ કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. તેથી, કર્ણાટક સરકારે સાવચેતીના પગલા તરીકે આ નિર્ણય લીધો છે. મહારાષ્ટ્ર અને કેરળમાં છેલ્લા કેટલાક દિવસોમાં કોરોના દર્દીઓની સંખ્યા વધી રહી છે. કર્ણાટક સરકારે આની નોંધ લીધી છે. કર્ણાટક સરકારે હવે તેમના રાજ્યમાં બહારથી આવતા મુસાફરો પર પ્રતિબંધો લગાવી દીધા છે. આ માટે, કર્ણાટક સરકાર દ્વારા મહારાષ્ટ્ર સરહદ પર ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. કર્ણાટક સરકાર દ્વારા સાંગલી જિલ્લાની નજીક કર્ણાટક રાજ્યની સરહદ પર કાગવડ ખાતે એક ચેકપોસ્ટ બનાવવામાં આવી છે. તેથી, સાંગલી જિલ્લાથી કર્ણાટક જતા મુસાફરોની તપાસ શરૂ થઈ છે. આ ચેક પોસ્ટ પર મુસાફરોની થર્મલ સ્કેનીંગ અને માસ્ક ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. કોરોના પરીક્ષણ માટે પણ કહેવામાં આવી રહ્યું છે. તે જ સમયે, કોરોના નિયમોનું પાલન કરવાની સૂચનાઓ આપવામાં આવી રહી છે. પોલીસ અને આરોગ્ય પ્રશાસન દરેક વાહનની નિરીક્ષણ કરી કર્ણાટકમાં પ્રવેશ આપી રહ્યા છે.

# રાજ્યમાં અચાનક કોરોના કેમ વધી ગયા? મનસે એ શંકા વ્યક્ત કરી

## લોકડાઉન ના બહાને અધિવેશન મુલતવી રાખવા સરકારનો પેતરો!

ચક્રવાત ટીમ મુંબઈ તા ૨૨

મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં અચાનક કોરોના કેસ કેમ વધી ગયા તેવો પ્રશ્ન મનસે નેતા સંદીપ દેશપાંડેએ સરકારને પૂછ્યો છે. ગ્રામપંચાયત ચૂંટણી પેટ્રોલ ભાવવધારા વિરુદ્ધ આંદોલન થયા ત્યારે કેમ કોરોના વધ્યો નહીં? પરંતુ હવે બજેટસત્ર શરૂ થવાનું છે ત્યારે કોરોના કેસ વધી ગયા અને સરકાર લોકડાઉન નો ડર બતાવે છે જે શંકજનક છે તેમ દેશપાંડેએ ઉમેર્યું હતું.

આ નવા કોરોના નું નામ અધિવેશન કોરોના છે તેવો ટોણો સરકારને માર્યો હતો. વિધિમંદલ અધિવેશન લેવું ન હોય તો ન લો.અધ્યક્ષની નિમણુક ન કરવી હોય તો હ કરો પરંતુ કોરોના નામે લોકોમાં ડર ન ફેલાવો તેવી શિખામણ સરકારને આપી હતી.આમ લોકડાઉન મુદ્દે સરકાર પર ટીકા કરી હતી. આ ઉપરાંત અચાનક એનસીપીના અને સેનાના મંત્રીઓ કેમ ફરી પોઝિટિવ થઈ ગયા તેવો પ્રશ્ન સંદીપે કર્યો હોવાનું મારાથી લોકમત વેબસાઈટમાં જણાવાયું હતું. બીજી બાજુ બીજેપી વિધાનસભ્ય અતુલ ભાતખળકર દ્વારા પણ મુખ્યપ્રધાન ઉદ્ધવ ખોટું બોલે છે તેવો આક્ષેપ કરાયો હતો. સાઉથ આફ્રિકાથી ૧૦ લાખ રસીના ડોઝ પાછા મોકલાશે અને તે આપણે વાપરીશું તેમ જ અન્ય બે કંપની દ્વારા પણ રસીના ડોઝ મળશે તેમ ઉદ્ધવે જણાવ્યું હતુ જેને બીજેપી ના વિધાનસભ્ય એ ખોટું હોવાનો આક્ષેપ કાર્યો હતો. આમ મનસે અને બીજેપી દ્વારા ખાસ કરીને મુખ્યપ્રધાન પર પસ્તાળ પાડવામાં આવી હતી.

# પૂનામાં ટિકટોક સ્ટારે આત્મહત્યા કરી હતી



ચક્રવાત ટીમ, મુંબઈ, તા. ૨૨

સોશ્યલ મીડિયાની વર્ચુઅલ દુનિયાનો ટિક ટોક સ્ટાર સમીર ગાયકવાડે રવિવારે સાંજે આપઘાત કરી લીધો હતો. તેણે પુણે સ્થિત તેમના નિવાસસ્થાને જ ફાંસી લગાવીને જીવનનો અંત આન્યો હતો.. પ્રેમના કારણે તેણે આત્મહત્યા કરી હોવાની ચર્ચા છે પરંતુ હજી સુધી તેનું ચોક્કસ કારણ બહાર આવ્યું નથી. ટિકટોક સ્ટાર સમીર મનીષ ગાયકવાડ (ઉમર ૨૨) શહેરના વાઘોલીમાં કેસનંદ ફતેહ પર મીકાસા સોસાયટીમાં રહે છે. રવિવારે સાંજે પાંચ વાગ્યે તેમના નિવાસસ્થાને સાડીની મદદથી પંખા લટકીને જીવનનો અંત આણ્યો હતો. સમીરેં ગળે ફાંસો ખાઈને હત્યા કરી હોવાનું જાણતાં જ તે વિસ્તારમા હલચલ મચી ગઈ હતી દરમિયાન તેને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પરંતુ ત્યાં સુધીમાં તે ખૂબ મોડું થઈ ગયું હતું. થોડી જ ક્ષણોમાં તેણે મોતને ભેટી લીધું હતું. સમીરે શા કારણે આત્મહત્યા કરી તે અત્યારે જાણવા મળ્યુ નથી.સમીરના પિતરાઈએ લોનીકંદ પોલિસમા ફરિયાદ કરી છે.પોલિસ તપાસ કરી રહી છે. ટિક ટોક એપ પર સમીર ગાયકવાડ ખૂબ જ લોકપ્રિય હતો. ૨૨ વર્ષીય ટીક ટોક પર હજારો લોકો ફોલોઅપ કરતા હતા. વિવિધ વિડિઓઝ બનાવી અને તે ટિક ટોકમાં અપલોડ કરતો હતો. આ સિવાય સમીર ગાયકવાડના ઈન્સ્ટાગ્રામ પર તુફાન ફોલોઅર્સ પણ હતા. ઈન્સ્ટા પર તેના ફોલોઅર્સની સંખ્યા બે લાખ ૮૦ હજાર છે.

# માતા-પુત્રીની હત્યા કરી ફરાર પડોશીએ જંગલમાં ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૨

પનવેલના દાપોલી ગામમાં લગ્ન નકારનાર માતા-પુત્રીની ચાકુના ઘા ઝીંકીને હત્યા કર્યા બાદ ફરાર થયેલા પડોશીએ હિંગોલી જિલ્લાના જંગલમાં વૃક્ષ સાથે ગળાફાંસો ખાધો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર દાપોલી ગામમાં રહેનારી સુરેખા સિદ્ધાર્થ બલખંડે અને તેની પુત્રી સુજાતાની ૧૯ ફેબ્રુઆરીએ ચાકુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. પડોશમાં રહેનારો પ્રકાશ મોરે સુજાતા સાથે લગ્ન કરવા માગતો હતો અને તેણે લગ્નનો પ્રસ્તાવ મૂક્યો હતો, જે બલખંડે પરિવારે ઠુકરાવી દીધો હતો. આથી પ્રકાશે આત્મહત્યા કરવાની ધમકી આપી હતી.

પ્રકાશની પત્નીનું જ્યારે અવસાન થયું હતું, ત્યારે પણ તેણે આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. જોકે લોકોએ તેને બચાવી લીધો હતો. દરમિયાન હિંગોલીથી પનવેલ પાછો ફરેલો પ્રકાશ ૧૯ ફેબ્રુઆરીએ સુજાતાના ઘરે ગયો હતો અને તેના પિતાને ગાળો ભાંડીને તેની મારપીટ કરી હતી. સુજાતાના પિતા આ પ્રકરણે ફરિયાદ કરવા ગયા બાદ પ્રકાશે સુજાતા અને તેની માતાની ચાકુના ઘા ઝીંકી હત્યા કરી હતી અને બાદમાં ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. પ્રકાશ મોરેએ ત્યાર બાદ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને તેમ જ માતાનો સંપર્ક સાધીને પોતે આત્મહત્યા કરી રહ્યાનું જણાવ્યું હતું. દરમિયાન વનવિભાગના અધિકારીઓએ પોલીસનો સંપર્ક સાધીને એક શખસે હિંગોલીમાં જંગલમાં વૃક્ષ સાથે ગળાફાંસો ખાધો હોવાની માહિતી આપી હતી. આથી પનવેલ શહેર પોલીસની ટીમ ત્યાં પહોંચી હતી, જ્યાં તેમણે પ્રકાશના મૃતદેહને તેમણે ઓળખી કાઢ્યો હતો.

# ઓનસાઈટગો હવે ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને ગેજેટ્સની સંભાળ લેશે

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૨

સ્માર્ટફોન, ટેબ્લેટ્સ, લેપટોપ, મનોરંજન સુવિધાઓ અને અન્ય ગ્રાહક ઉપકરણોના ઉપયોગમાં થયેલા મોટા વિકાસને ધ્યાનમાં રાખીને ગ્રાહકોની ઈલેક્ટ્રોનિક્સ પ્રોડક્ટ્સનું સાહસ ૨૦૨૫ સુધીમાં વધીને ૧.૪૮ લાખ કરોડ .,(૨૧..૧૮ અબજ યુએસ ડોલર). થઈ જવાની શકયતા છે ઉત્પાદનોની વધતી કિંમતો, સરકાર દ્વારા પ્રાપ્ત આત્મનિર્ભર ભારત અભિયાનને લીધે ગ્રામીણ ભારતમાં પરિવર્તન આ વૃદ્ધિનું મુખ્ય કારણ બની રહ્યું છે. ગ્રાહક ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોની ઝડપી વૃદ્ધિ સાથે, ગ્રાહકોને વેચાણ પછીની સેવાઓ અને સુવિધાઓ આપવાની જરૂરિયાત પણ વધી રહી છે. સર્વિસિંગ એન્ટરપ્રાઈઝ, ઓન-ડિમાન્ડ રિપેર સર્વિસ, વાર્ષિક જાળવણી કરાર (એએમસી) અને વિસ્તૃત વોરંટી જેવી સેવાઓમા પણ માંગ વધી છે.

ઓનસાઈટ ડિવાઈસીસ અને ઉપકરણોના સમારકામ અને જાળવણી માટે વેચાણ પછીની સેવાઓ આપતી અગ્રણી કંપનીઓનાં સીઈઓ શ્રી કૃણાલ મહિપાલે જણાવ્યું હતું કે, "આજે વધુ અને વધુ ગ્રાહક બ્રાન્ડ સતત તેમના ઉત્પાદનોમાં નવી સુવિધાઓ લાવવા માટે નવીનતા લાવે છે. પરંતુ ગ્રાહકને ઘણી ચિંતાઓનો સામનો કરવો પડે છે. જ્યારે વેચાણ સેવાઓ પછીની વાત આવે છે ત્યારે મારા પોતાના દુઃખદાયક અનુભવથી મને લાગ્યું કે સેવાઓ શરૂ કરવી જરૂરી છે જેમાં ગ્રાહકો ખરીદી કર્યા પછી પણ સરળ, વિશ્વસનીય સેવાઓ મેળવે છે. તેથી તેઓએ કંપની શરૂ કરી છે. કંપની આવી ઘણી યોજનાઓ લાવી છે. નાના અને મોટા ઘણા ઉપકરણોની વિસ્તૃત વોરંટી, વાર્ષિક જાળવણી કરાર અને માંગના ડોર-ટુ ડોર રિપેરીંગ. આ તમામ સેવા યોજનાઓ ગ્રાહકોને તેમની સાથે પ્રદાન કરે છે.

કંપનીનો હેતુ અનુભવને આરામદાયક અને સંતોષકારક બનાવવાનો છે. ઉત્પાદનો અને ઉપકરણોનું અચાનક ભંગાણ, ખાસ કરીને ઈલેક્ટ્રોનિક ઉપકરણો અને ગેજેટ્સ, ઘણા લોકો માટે ખૂબ ચિંતાજનક હોઈ શકે છે. અચાનક ખર્ચ, ઉત્પાદનોને ઠીક કરવા માટે યોગ્ય વ્યાવસાયિક ન મળવું, ઉત્પાદનોને કેવી રીતે જાળવવી તે જાણતા નથી, તે કેટલીક ચિંતાઓ છે જેનાથી જબરદસ્ત અને બિનજરૂરી ખર્ચ થઈ શકે છે.

# બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સમાં રૂ.૧૬૦ કરોડનું ટર્નઓવર

ચક્રવાત ટીમ, મુંબઈ,૨૨

વિવિધ કોમોડિટી વાયદા, ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં મળીને પ્રથમ સત્રમાં એમસીએક્સ પર ૧૮૨૫૯૭ સોદામાં રૂ. ૧૫૬૨૮.૯૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદામાં નવા સપ્તાહનાં કામકાજનો પ્રારંભ ભાવમાં તેજી સાથે થયો હતો. સોનાનો વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૩૭૮ અને ચાંદીનો વાયદો કિલોદીઠ રૂ.૪૬૫ વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. તમામ બિનલોહ ધાતુઓ પણ વધી આવી હતી. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ વધવા સામે નેચરલ ગેસ ઢીલું હતું. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં ૧,૨૨,૭૫૦ ગાંસડીના વોલ્યુમ સાથે ઓપન ઈન્ટરેસ્ટ ૨,૯૦,૨૭૫ ગાંસડીના સ્તરે પહોંચ્યો હતો. કપાસ, કોટન, સીપીઓ, મેન્થા તેલ અને રબરના વાયદાના ભાવમાં સાર્વત્રિક સુધારાનો સંચાર થયો હતો. દરમિયાન, બિનલોહ ધાતુઓના સૂચકાંક એમસીએક્સ મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૯ ફેબ્રુઆરીને શુક્રવારે રૂ.૧૬૦.૪૦ કરોડનું રેકોર્ડ ટર્નઓવર નોંધાયું હતું, જે ટ્રેડરોની ઈન્ડેક્સ ફ્યુચર્સનાં કામકાજમાં વધતા રસને પ્રદર્શિત કરે છે. કોમોડિટી વાયદાઓમાં કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં સોમવારે સાંજે પાંચ વાગ્યા સુધીમાં કુલ ૯૧૮૮૨ સોદાઓમાં રૂ. ૬૧૬૪.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું એપ્રિલ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૪૬૩૩૫ ખૂલી, ઊપરમાં રૂ. ૪૬૬૪૨ અને નીચામાં રૂ. ૪૬૨૩૮ ના મથાળે અથડાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૭૮ વધીને રૂ. ૪૬૫૭૫ બંધ રહ્યો હતો. ગોલ્ડ-ગિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૬૨ વધીને ૮ ગ્રામદીઠ રૂ. ૩૭૦૬૮ અને ગોલ્ડ-પેટલ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૧૩ વધીને ૧ ગ્રામદીઠ રૂ. ૪૫૯૦ થયા હતા, જ્યારે સોનું-મિની માર્ચ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૩૪ વધીને બંધમાં રૂ. ૪૬૪૨૯ ના ભાવ રહ્યા હતા. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ કોન્ટ્રેક્ટ કિલોદીઠ રૂ. ૬૯૩૩૭ ખૂલી, ઊપરમાં રૂ. ૬૯૬૮૮ અને નીચામાં રૂ. ૬૮૯૮૧ ના સ્તરને સ્પર્શી પ્રથમ સત્રનાં અંતે રૂ. ૪૬૫ વધીને રૂ. ૬૯૪૭૭ બંધ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ. ૪૧૬ વધીને રૂ. ૬૯૩૪૪ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી રૂ. ૪૧૭ વધીને રૂ. ૬૯૩૧૭ બંધ રહ્યા હતા. એનર્જી સેગમેન્ટમાં કુલ ૫૧૪૮૫ સોદાઓમાં રૂ. ૨૪૮૩.૮૧ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ માર્ચ કોન્ટ્રેક્ટ બેરલદીઠ રૂ. ૪૩૪૬ ખૂલી, ઊપરમાં રૂ. ૪૩૭૨ અને નીચામાં રૂ. ૪૩૨૫ બોલાઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૩૬ વધીને રૂ. ૪૩૪૦ બંધ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝમાં ૩૩૬૩ સોદાઓમાં કુલ રૂ. ૪૬૦.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. કોટન ફેબ્રુઆરી વાયદો ગાંસડીદીઠ રૂ. ૨૧૭૦૦ ખૂલી, ઊપરમાં રૂ. ૨૧૭૨૦ અને નીચામાં રૂ. ૨૧૬૩૦ સુધી જઈ પ્રથમ સત્રનાં અંતે રૂ. ૯૦ વધીને રૂ. ૨૧૬૫૦ ના સ્તરે બંધ રહ્યો હતો. સીપીઓ ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦૪૪.૯ ખૂલી, પ્રથમ સત્રનાં અંતે રૂ. ૮.૨ વધીને બંધમાં રૂ. ૧૦૪૮.૪ ના ભાવ હતા.

# મુળી તાલુકાના સરલા જીલ્લા પંચાયત બેઠક પર કોંગ્રેસ ઉમેદરવારને જીતાડવા ખેડૂત સભા



ચક્રવાત ટીમ મુળી, તા.૨૨

ગુજરાતની જીલ્લા તથા તાલુકા પંચાયત અને સ્થાનિક સ્વરાજ્યની ચુટણીને માત્ર ગણતરીના દિવસો રહી ગયા છે ત્યારે જેમ જેમ ચુંટણીઓ નજીક આવે છે તેમ તેમ રાજકીય પક્ષો દ્વારા પોત પોતાના ઉમેદવાર ને જીતાડવા એક બીજા પક્ષ પર આક્ષેપ પ્રતિ આક્ષેપો દોર શરુ થાય છે આવા સમયે હંમેશા સંવેદનશીલ રાજકારણમાં આવતા સુરેન્દ્નગર જીલ્લાના મુળી તાલુકામા પણ ભાજપ તથા કોગ્રેસ પોતાના ઉમેઅઃવારને જીતાડવા એડીચોટીનુ જોર લગાવી રહ્યા છે ત્યારે મુળી તાલુકાના સરલા જીલ્લા પંચાયત બેઠક પર કોગ્રેસ ઉમેદવાર જગદીશભાઇ પટેલને જીતાડવા કોગ્રેસ દ્વારા નવી યુક્તિ શરુ કરી છે જેમા સરલા બેઠક પર ખાસ કરીને ખેડુતોના મતનું પ્રભુત્વ હોય જેને લઈ ખેડુત સભાનું આયોજન કરાયુ છે અને આ ખેડુત સભામાં કેન્દ્રના ત્રણ કૃષિ બિલના નિયમોની ખેડુતો પર પડતી અસર સાથે ભાજપના શાસનમાં ખેડુતોને પોતાના પાકને વેચાણ માટે પડતી હાલાકીની સમજ આપી હતી. સરલા ગે ખેડુત સભામાં ગુજરાતના ખેડુત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા જેમા ગુજરાત કિશાન કોગ્રેસના ચેરમેન પાલભાઇ આંબલીયા, રામકુભાઇ કરપડા, રાજુભાઇ કરપડા, ચેતનભાઇ ગંભીરા,સુરેન્દ્નગર ખરીદ વેચાણ સંઘના પ્રમુખ નરદેવસિંહ પરમાર સહિતના આગેવાનો ઉપસ્થિત રહીને ખેડુત સભા ગજવી હતી અને ખેડુત સભામાં પણ મોટી સંખ્યામા ખેડુતો ઉપસ્થિત રહેતા રાજકારણના માહોલે ગરમાવો પકડ્યો હતો.

# ઘાંટવડ પ્રાથમિક શાળામાં માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી કરવામાં આવી




ચક્રવાત ટીમ પારૂલ સોલંકી, તા.૨૨

કોડીનાર તાલુકાના શ્રી ઘાટવડ કુમાર શાળામાં ૨૧ ફેબ્રુઆરી રવિવારના રોજ સરકારી રજા હોવા છતાં પણ સરકાર શ્રીના પરિપત્રને ધ્યાને રાખી માતૃભાષા ગૌરવ દિનની ઉજવણી **tems application** ના માધ્યમથી શિક્ષક મિત્રો તેમજ ધોરણ ૬ થી ૮ ના બાળકોને જોડી અને જુદી જુદી સ્પર્ધાઓ વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા બાળકો દ્વારા રજૂ કરવામાં આવેલ જેમાં પૃથ્વી અર્જુનભાઈ, ચિરાગ કાનજીભાઈ તેમજ અન્ય વિદ્યાર્થીઓ દ્વારા પોતાની વાતો રજૂ કરવામાં આવેલ જેમાં ભાષા શિક્ષક દીપાબેન વાળા દ્વારા સંચાલન કરેલ જ્યારે શાળાના આચાર્ય મહેશભાઈ વાઢેર દ્વારા માતૃભાષા ગૌરવ દિન બાબતનું પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ હતું. સરકારી શાળામાં રજાના દિવસોમાં પણ કામગીરી કરવામાં આવે છે તેનું આ ઉત્તમ ઉદાહરણ જોવા મળેલ છે.

# અહમદનગર-ઔરંગાબાદ હાઈવે પર કાર-બસની ટક્કરમાં પાંચ લોકોના મોત



ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૨

પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે સોમવારે વહેલી સવારે દેવગડ નજીક ખાનગી ટ્રાવેલ બસ સાથે ટક્કર મારતાં કારમાં મુસાફરી કરતા પાંચ વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં.

નેવાસા પોલીસ સ્ટેશનના અધિકારીના જણાવ્યા અનુસાર, અકસ્માત અહમદનગર-ઔરંગાબાદ હાઈવે પર મધરાતના બે વાગ્યાની આસપાસ થયો હતો. અધિકારીએ જણાવ્યું કે, જ્યારે કાર દેવગડ ફાટા પાસે આવી રહી હતી ત્યારે સામેની દિશાથી આવી રહેલી ખાનગી ટુરિસ્ટ બસને તેની સાથે ટક્કર મારી હતી. કારમાં બેઠેલા પાંચેય સવારને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેઓએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો."અકસ્માતમાં કાર બસની આગળના ભાગે અથડાઈ હોવાનું જણાઈ આવ્યું હતું. જોરજોરથી અવાજ થતાં ગ્રામજનો ત્યાં દોડી ગયા હતા. રાતના આ સમયે ટ્રાફિક ઓછો હતો.સ્થાનિક ગ્રામજનોએ પીડિતોને નેવાસા નજીકની ગ્રામીણ હોસ્પિટલમાં ખસેડવામાં સફળ કર્યા, જ્યાં તેઓને દાખલ થતાં જ મૃત જાહેર કરવામાં આવ્યા હતા. પ્રારંભિક અહેવાલો મુજબ, બધા જાલનાના હતા અને દુર્ઘટના સર્જાતા તે અહમદનગર તરફ જઈ રહ્યા હતા, એમ તેમણે ઉમેર્યું હતું. તેમની ઓળખ ચકાસવા અને અકસ્માતનું કારણ જાણવાના પ્રયાસો ચાલુ છે. જોકે બસના મુસાફરોમાં કોઈ જાનહાની થઈ નથી. પોલીસે કારના ભંગાણથી ભરાયેલા રસ્તોને સાફ કરવા ક્રેન બોલાવી હતી અને પરોઢ સુધીમાં વ્યસ્ત હાઈવે સામાન્ય ટ્રાફિક માટે સાફ કરી દેવાયો હતો.

# રાજકોટ ભાજપ કાર્યાલય ખાતેથી કરાયેલ ચૂંટણી પ્રચારની ઉત્કૃષ્ટ કામગીરી



ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૨

ભારતીય જનતા પાર્ટી રાજકોટ મહાનગર દ્વારા પ્રમુખ શ્રી કમલેશભાઈ મીરાણીના માર્ગદર્શન હેઠળ મહાનગરપાલિકાની ચૂંટણી સંદર્ભે શહેર ભાજપ કાર્યાલય દ્વારા સમગ્ર ચૂંટણી પ્રક્રિયા અને પ્રચાર-પ્રસારની ઉત્કૃષ્ટ કામગીરી કરવામાં આવી હતી. સમગ્ર ગુજરાતમાં પેજ પ્રમુખ/ પેજ સમિતિના ૧.૨૫ લાખ સભ્યોને આઈકાર્ડ બનાવીને વિતરણ કરવામાં પ્રથમ સ્થાને આવેલ છે. પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર. પાટીલે પણ સરાહનીય કામગીરી માટે અભિનંદન આપ્યા હતા. શહેર ભાજપ મધ્યસ્થ કાર્યાલય દ્વારા ચૂંટણીની કામગીરી ઉપરાંત પેજ સમિતિની કામગીરી પ્રચાર-પ્રસારમાં શહેરમાં હૉર્ડિંગ-ફ્લેક્ષ બેનર લગાડવા, ઝંડી લગાવવા, પ્રચાર-સાહિત્યનું વિતરણ, શહેરના ૧૮ વોર્ડ સાથે સંકલન કામગીરી, ઉમેદવારોની પસંદગીથી લઈને ચૂંટણી પ્રક્રિયા દરમિયાન ચૂંટણીના જાહેર કાર્યક્રમોનું કવરેજ, સ્ટાર પ્રચારકોની સભાનું કવરેજ, ઉમેદવારી પત્રો ભરાવવાથી શરુ કરીને મતદાન, મતગણતરી સુધીની કામગીરી કરવામાં આવેલ છે, ચૂંટણીમાં પ્રચાર-પ્રસારમાં પ્રિન્ટ તથા ઈલેક્ટ્રોનીક મીડીયાના માધ્યમનો સહયોગ લઈને લોકો સુધી કેન્દ્ર-રાજ્ય સરકારની કામગીરીએ ભાજપના મહાનગરપાલિકાના શાસન દરમિયાન કરાયેલા વિકાસ કામોનો સંદેશ પહોંચાડવામાં આવેલ છે. ઉપરોકત કામગીરી શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણીના માર્ગદર્શન હેઠળ શહેર ભાજપ કાર્યાલયના કોષાધ્યક્ષ અનિલભાઇ પારેખ, કાર્યાલય મંત્રી હરેશભાઇ જોશી, કાર્યાલય પરિવારના પ્રવિણભાઇ ડોડીયા, રમેશભાઇ જોટાંગીયા, પંકજભાઇ ભાડેશીયા, રાજેનભાઇ ઠક્કર, ચેતનભાઇ રાવલ, વિજયભાઇ મેર, પી. નલહરિ, નીતીન ખોરાણી, વિગેરેએ સુંદર કામગીરી બજાવેલ હતી. વધુમાં મહાનગરપાલિકાની ચૂંટણી તા.૨૧ ફેબ્રુઆરીના રોજ યોજાયેલ ભારે મતદાનના દિવસે કાર્યાલય ખાતે મતદાનલક્ષી માર્ગદર્શન આપવા કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવેલ હતો. જેમાં લીગલ સેલના સભ્ય શ્રી અંશ ભારદ્વાજ, શ્રી ડોડીયા અને ૧૮ વોર્ડમાં લીગલ સેલના સભ્યો ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપ્યું હતું.

# ઉના તાલુકા હિન્દુ સમાજ દ્વારા છાછરની ઘટનાને પગલે આવેદન



ચક્રવાત ટીમ ઉના, તા.૨૨

ભારતમાં રામ જન્મભૂમિ તિર્થક્ષેત્ર અંગે નીધી સમર્પણનો કાર્યક્રમ ચાલે છે. આ કાર્યક્રમમાં આર એસ એસ, વિશ્વ હિન્દુ પરિષદ સહીતના સંગઠનોના કાર્યકર્તાઓ નીધી એકત્રીકરણ કરી રહ્યા હોય અને આ અભિયાન સમગ્ર ગીરસોમનાથ જીલ્લામાં પણ ચાલે છે. ત્યારે કોડીનાર તાલુકાના છાછર ગામના જીગ્નેશભાઈ પરમાર રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના કાર્યકર્તા હોય અને રામ જન્મભૂમિ નીધી સમર્પણ અભિયાનનું કામ કરતા હોય જે બાબતેનું મનુદુઃખ રાખીને ૧૫ જેટલા લોકોએ લાકડાના ધોકા, લોખંડના પાઈપો, મોટા પથ્થરો વડે માર મારેલ જેમાં જેન્તીભાઈ ગોહેલ, આર એસએસના જીલ્લા સંઘચાલકને પણ માર મારેલ હોય આ તમામને ઈજા પહોચાડેલ છે. આ બનાવ અંગે યોગ્ય કાર્યવાહી કરવા ઉના તાલુકા સમસ્ત હિન્દુ સમાજ, આર એસ એસ, વિશ્વ હિન્દુ પરીષદના રામજીભાઈ પરમાર, નિપુલભાઈ શાહ, ભાવેશભાઈ સાખટ, રોહીતભાઈ બાંભણીયા, અતુલભાઈ, કેયુરભાઈ, ચંદુભાઈ, હરકિશનભાઈ સહીતના મોટી સંખ્યામાં વિવિધ સંગઠનોના કાર્યકર્તાઓ દ્વારા રેલી કાઢી, સુત્રચાર સાથે ડે.કલેક્ટરને આવેદન પત્ર પાઠવેલ છે.

તા. ૧૯ ફેબ્રુ. કોડીનાર તાલુકાના છાછર ગામે રહેતા મનસુખભાઈ વલ્લભભાઈ ગેડીયાના દિકરા દવા લેવા જતા હતા. તે વખતે બોલાચાલી કરીને મનસુખભાઈને તેમજ અન્ય લોકોને એજ ગામના વસીમ રખા, અનીસ અબ્બાસ નકવી, મુક્તાર હુસેન, ફારૂક ભીખા સહીતનાઓએ માર મારી ગાળો કાઢી જાનથી મારી નાખવાની ધમકી આપી બાઈકને નુકસાન કરેલ હતું. આ બાબતે કોડીનાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોધાવેલ છે. આ બનાવ બાદ મનસુખભાઈનાં માતનું અવસાન થયેલ હોય તેની ક્રિયામાં ચોહાણની ખાણના જીગ્નેશભાઈ ઉર્ફે જીગાભાઈ ભુપતભાઈ પરમાર, રવીભાઈ અરજણ પઢીયાર, પીયુષભાઈ ભટ્ટ, જેન્તીભાઈ ગોહીલ,વડે માર મારેલ હ ગોપાલભાઈ વાળા,હુમલો કરનાર ર વિજયભાઈ ખખ્ખરઅનીશ મહેમુદ ન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ,ભીખા, રીઝવાન આર એસ એસ, તેમજસામે યોગ્ય કાર્યવ હિન્દુ આગેવાન સહીતના આભાર - નિ એકત્ર થયા હોય અને કાર્યકર ડો.હરેશભાઈને મળવા જતા હતા ત્યારે છાછર ગામના ઝાપા પાસે પંદરેક મુસ્લીમ સમાજના માણસો નારે તકદીર અલ્લાહુ અકબર ના નારા બોલી ભુંડી ગાળો બોલવા લાગતા જીગ્નેશભાઈએ શું કામ ભુંડી ગાળદ બોલો છો તેમ કહેતા ટોળાએ લાકડાના ધોકા, લોખંડના પાઈપો તેમજ પથ્થરો

## ૧૭ લાખના મોબાઈલ જપ્ત કરતી મુંબઈ પોલીસ



એમઆઈડીસી પોલીસે મુંબઈમાં મોબાઈલ ચોરી વિવિધ રાજ્યોમાં વેચી મારતી ટોળકીને પકડી પાડી તેમની પાસેથી ૧૭ લાખ ૫૫ હજારના ૧૧૭ એન્ડ્રોઈડ મોબાઈલ જપ્ત કર્યા હતા.

# ઉનાના કાણકબરડા ગામે વાડીમાં આંબાની કલમોને નુકસાન કરતા હોવાની રાવ



ચક્રવાત ટીમ ઉના, તા.૨૨

ઉનાના કાણકબરડા ગામે રહેતા અને ગરાળ રોડ પર માલીકીની જમીન ધરાવતા રાજનબા જસમતસંગ ચાવડાની વાડીમાં આંબાની કલમો હોય જેમાં નાના ખાખડીની સીઝન ચાલુ છે. ત્યારે બાજુના શેઢામાં જમીન ધરાવતા ભાવુભા ગગજી ચાવડાની જમીનના શેઢામાં આંબલીના તેમજ અન્ય મોટા ઝાડ ઉગી નિકળ્યા છે. આ ઝાડ ધરાશાઈ થતાં રાજનબાની વાડીમાં પડતા આંબાની કલમોને ભારે નુકસાન થયેલ છે.

અગાઉ ચાર માસ પહેલા પણ એક આંબલી પડતા આંબાની કલમો ભાંગી જતા નુકસાન થયેલ જે બાબતે પણ અરજી કરેલ છે. પરંતુ આજ સુધી તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. જોકે હાલ આ બાબતે જીતેન્દ્રસીંહ બાલુભા ચાવડા, મહેન્દ્રસિંહ કરણભા ચાવડા, તેમજ ભાવુભા ગગજી ચાવડા આ તમામ લોકોને ઝાડ ધરાશાઈ થયેલ તેને કાપવા માટે જણાવેલ તેમ છતાં તેવોએ આ ઝાડ કાપવામાં આવશે નહી તારે જે નુકસાન થાય તે અમારે નથી જોવાનું તેવું કહી દર વર્ષે નુકસાન કરી રહ્યા હોય અને અવાર નવાર હેરાન પરેશાન કરી રહ્યા છે. આ અંગે ત્રણેય શખ્સો સામે તાત્કાલીક યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવા સજનબા જસમતસંગ ચાવડાએ ઉના પોલીસ તેમજ મામલતદારને લેખિત રજુઆત કરી છે.

# મ.પ્ર.માં ચાર લંપટ ભાજપના નેતાઓએ નશાનું ઈન્જેક્શન આપી આચર્યું દુષ્કર્મ

(જી.એન.એસ.)શડહોલ,તા.૨૨

મધ્યપ્રદેશના શહડોલમાં એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. અહીં ૨૦ વર્ષીય યુવતીને નશાકારક ઈન્જેક્શન આપીને ભાજપના નેતા સહિત ચાર લોકોએ તેની સાથે બે દિવસ સુધી ગેંગરેપ કર્યો હતો. ઈન્જેક્શન આપ્યા પછી તેને બળજબરીથી દારૂ પણ પિવડાવ્યો. યુવતીની સ્થિતિ બગડવા પર આ લોકો તેને ઘરની સામે ફેંકીને ભાગી ગયા. ૧૮ ફેબ્રુઆરીએ યુવતીએ તેના ઘરેથી ગુમ થઈ હતી. તેના પરિવારના સભ્યોએ જૈતપુર પોલીસ સ્ટેશનમાં ગુમ થઈ હોવાની ફરિયાદ નોંધાવી હતી. પીડિતાની ફરિયાદ પર પોલીસે ભાજપના જૈતપુર મંડલ અધ્યક્ષ વિજય ત્રિપાઠી, શિક્ષક રાજેશ શુક્લા, મુન્ના સિંહ અને મોનુ મહારાજની વિરુદ્ધ ધારા ૩૭૬, ૩૪૨ અને ૩૪ અંતર્ગત મામલો નોંધ્યો છે. એસપી અવધેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે યુવતીના જણાવ્યા અનુસાર, તેની સાથે માત્ર શિક્ષક રાજેશ શુકલાએ જ દુષ્કર્મ કર્યું છે, જ્યારે બાકીના ત્રણ આરોપી અહીં બેસીને દારૂ પી રહ્યા હતા. હાલ આ મામલામાં કોઈની પણ ધરપકડ થઈ નથી. એવી એક શક્યતા છે કે ચારેય આરોપી લાલ રંગની કારમાં યુવતીને તેના ઘરની થોડી દૂર ફેંકીને ફરાર થઈ ગયા.

# મલાડમાથી ૬૦ લાખની કિમતના ત્રણ કિલો ચરસ સાથે ત્રણ જણની અટક

ચક્રવાત ટીમ, મુંબઈ તા. ૨૨

મુંબઈ પોલિસની એન્ટી ડ્રગ્સ સેલની બ્રાંન્દ્રા યુનિટ દ્વારા મલાડમાથી ૬૦ લાખની કિમતનું ૩ કિલો ચરસ સાથે ત્રણ જણની અટક કરવામા આવી છે.

એન્ટી ડ્રગ્સ સેલની બ્રાંન્દ્રા યુનિટને માહિતી મળી હતી કે મલાડ પૂર્વમા ભિકા ફૂટવેરની બાજુમા આવેલ ખુલ્લા પાર્કિંગના મેદાનમા આંતરરાજ્યમા ચરસ વેચતી ટોળકીના સભ્યો આવવાના છે.તેઓએ ૨૧ ફેબ્રુઅરીના રોજ ૧૧ વાગે જાળ બિછાળીને રાખી હતી.તે ઠેકાણે ૩ શંકાસ્પદ યુવાનો આવતા તેઓની તપાસણી કરતા દરેક જણ પાસેથી એક-એક કિલો મળી ત્રણેય પાસેથી આશરે ૬૦ લાખની કિમતનું ત્રણ કિલો ચરસ મળી આવ્યુ હતુ.પોલિસે આરોપી સોનુ રામપાલ સિંગ (૨૯) અમર ઉર્ફ રામશિરોમણી યાદવ (૩૩) અને ચંદન ભગવંત ચોરસિયા (૨૪)ની અટક કરી છે.

# ભાજપને મત આપવા બદલ રાજકોટવાસીઓનો આભાર માનતા નેતાઓ

**ધનસુખભાઈ ભંડેરી**
**મોહનભાઇ કુંડારીયા,**
**ગોવિંદભાઇ પટેલ,**
**અરવિંદભાઇ રૈયાણી,**
**લાખાભાઇ સાગઠીયા,**
**અંજલીબેન રૂપાણી,**
**બીનાબેન આચાર્ય,**
**મલેશભાઇ મીરાણી,**
**જીતુભાઇ કોઠારી,**
**કિશોરભાઇ રાઠોડ,**
**જનકભાઇ કોટક,**
**ઉદયભાઇ કાનગડ,**
**ડો. જયમન ઉપાધ્યાય,**
**કશ્યપભાઇ શુક્લએ**
**આભાર માન્યો**

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૨

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાન શાંતિપૂર્ણ રીતે ખતમ થઈ ગયું છે ત્યારે સાંસદસભ્ય મોહનભાઈ કુંડારીયા તેમજ ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ સાગઠીયાએ ભાજપની તરફેણમાં મતદાન કરવા બદલ મતદારોનો જાહેર આભાર માન્યો છે.

સાંસદ સભ્ય તેમજ ત્રણેય ધારાસભ્યોએ એક નિવેદનમાં કહ્યું છે કે, રાજકોટમાં લોકશાહીના પર્વની ઉજવણી પુરી થઈ ગઈ છે અને જાગૃત મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કરીને લોકશાહીના પાયાને વધુ મજબૂત બનાવ્યા છે.

રાજકોટ શહેરની પ્રજાએ વિકાસ માટે મતદાન કર્યું છે તે નિશ્ચિત થઈ ગયું છે તેમ જણાવતા સાંસદસભ્ય મોહનભાઈ કુંડારીયા તેમજ ધારાસભ્યો ગોવિંદભાઈ પટેલ, અરવિંદભાઈ રૈયાણી, લાખાભાઈ સાગઠીયાએ કહ્યું છે કે, આ વખતે પણ ભાજપના ઉમેદવારો જંગી લીડથી ચૂંટાઈને આવશે તેવો વિશ્વાસ છે.

રાજકોટની પ્રજાએ ભાજપના કુશળ શાસન ઉપર મંજૂરીની મહોર મારી છે અને મંગળવારે તે સ્પષ્ટ પણ થઈ જશે તેમ જણાવી આ આગેવાનોએ અંતમાં ફરી એક વખત રાજકોટની પ્રજાનો આભાર માન્યો છે.

રાજકોટ મહાનગરપાલિકાની ચૂંટણી માટે મતદાન પૂરું થઈ ગયું છે અને મતદારોએ ભાજપમાં ફરી વિશ્વાસ દાખવ્યો છે તે બદલ રાજકોટના મહિલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણી તેમજ પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્યએ મતદારોનો આભાર માન્યો છે. એક નિવેદનમાં મહિલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણી તેમજ પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્યએ જણાવ્યું છે કે, રાજકોટની પ્રજા હંમેશા ભાજપમાં વિશ્વાસ રાખે છે અને ભાજપની નેતાગીરી તેને ચરીતાર્થ કરે છે.

મહિલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણી તેમજ પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્યએ કહ્યું છે કે, રાજકોટ મહાનગરપાલિકામાં ભાજપના દાયકાઓના શાસનમાં અકલ્પનિય વિકાસ થયો છે અને શહેરને અનેક સુવિધાઓ મળી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સેવેલાં સપનાઓને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી સાકાર કરી રહ્યા છે અને રાજ્યને સમૃદ્ધ બનાવ્યું છે.ભાજપની નેતાગીરી અને રાજ્ય સરકાર વિકાસના મુદ્દે કોઈ બાંધછોડ નથી કરતી અને તેથી જ પ્રજા ભરોસો દાખવી રહી છે તેમ જણાવી મહિલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણી તેમજ પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્યએ કહ્યું છે કે તમામ મહાનગરપાલિકામાં ભાજપનો ઝળહળતો વિજય થશે એટલું જ નહીં તાલુકા જિલ્લા પંચાયતની આગામી ચૂંટણીઓમાં પણ ભાજપ જ જીતશે તેવો વિશ્વાસ છે.

રાજકોટના સૌ મતદારો, ભાજપના સેંકડો કાર્યકર્તાનો આભાર રાજકોટના ભાજપના સંગઠનના હોદેદારોએ માન્યો છે અને કહ્યું છે કે સૌનો સાથ સૌનો વિકાસ સૂત્ર સાકાર થયું છે.

રાજકોટ શહેર ભાજપના પ્રમુખ કમલેશ મીરાણી, મહામંત્રી જીતુ કોઠારી અને કિશોરભાઈ રાઠોડે આજે મતદાન પછી જણાવ્યું હતું કે અમે લોકો મતદારોનો આભાર વ્યક્ત કરી રહ્યા છીએ. લોકોએ ભાજપ તરફી મતદાન કર્યું છે. રાજકોટના તમામ મતદારોનો અમે આભાર માનવાની સાથોસાથ અમારા હજારો કાર્યકરો, પેજ સમિતિનો આભાર માનીએ છીએ. સૌ એ દિલ થી મહેનત કરી છે અને પક્ષને સમર્પિત રહીને કામ કર્યું છે. છેલ્લા ત્રણ સપ્તાહથી વોર્ડમાં ફરી ફરીને એ લોકોએ કામ કર્યું છે. વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી એ કરેલા વિકાસને કાર્યકરો લોકો સુધી લઈ જઈ શક્યા. રાજકોટ મહાનગર પાલિકામાં પણ અત્યાર સુધીમાં થયેલા કામોને લોકોએ જોયા છે. સૌ મતદારો અને કાર્યકરોનો અમે પુનઃ આભાર માનીએ છીએ.

રવિવારે યોજાયેલ રાજકોટ મહાનગરપાલિકા ચૂંટણી મતદાનમાં ભાગ લેનાર રાજકોટનાં તમામ મતદારોનો ભાજપ અગ્રણીઓ જનકભાઈ કોટક, ઉદયભાઈ કાનગડ, ડો. જયમન ઉપાધ્યાય, કશ્યપભાઈ શુક્લએ આભાર માન્યો છે. રાજકોટમાં થયેલા અંદાજીત પચાસ ટકા જેટલા મતદાનમાંથી મહત્તમ મતદાન ભાજપ તરફી હોવાનું જણાવતા જનકભાઈ કોટક, ઉદયભાઈ કાનગડ, ડો. જયમન ઉપાધ્યાય, કશ્યપભાઈ શુક્લ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીનાં નેતૃત્વમાં કેન્દ્ર સરકાર અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં નેતૃત્વમાં રાજ્ય સરકાર સંપૂર્ણ સમર્પણ સાથે જનહિત અને રાષ્ટ્રહિતના કાર્યો કરી રહી છે.

# વિકાસમાં વિશ્વાસ ધરાવનાર મતદારોનો આભાર વ્યક્ત કરતાં રાજુભાઈ ધ્રુવ

ચક્રવાત ટીમ રાજકોટ, તા.૨૨

ગુજરાત ફરી એક વખત ઈતિહાસ રચવા જઈ રહ્યું છે. રાજકોટ મહાનગપાલિકાની ચૂંટણીમાં મતદાન દરમિયાન શહેરના શાણા નાગરિકોએ ખોબલેખોબલે મત ભાજપને આપ્યા છે. આવતીકાલે રાજકોટ મનપા ચૂંટણીનાં પરિણામ દિવસે કમળ પૂરબહારમાં ખીલશે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની પારદર્શી અને વિકાસશીલ કામગીરીને કારણે તમામ મહાનગર પાલીકાઓમાં ભાજપનો ભવ્ય વિજય નિશ્ચિત છે એવું સૌરાષ્ટ્ર ભાજપનાં પ્રવક્તા રાજુભાઈ ધ્રુવે એક નિવેદનમાં જણાવ્યું હતું. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં પ્રજાવત્સલ સુશાસન અને ભાજપનાં કાર્યકરોની મહેનત રંગ લાવી રહી છે. મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનાં સબળ નેતૃત્વ હેઠળ થયેલા વિકાસના કામો, લોકકલ્યાણની યોજનાઓ, સરકારની આમ નાગરિકો પ્રત્યેની સંવેદનશીલતા અને સૌનો સાથ સૌનો વિકાસની લાગણીની લોકોએ કદર કરી છે. મતદાનની ટકાવારી જોતા લાગી રહ્યુ છે કે લોકોએ ભાજપના સાશનમાં ફરી એક વખત વિશ્વાસ મૂકયો કર્યો છે અને મનપા ચૂંટણીમાં ભાજપનો ભવ્ય વિજય થશે. રાજુભાઈએ વિજયભાઈનાં સાશનકાળ દરમિયાન રાજકોટને એઈમ્સની ફાળવણી, ઈન્ટરનેશનલ એરપોર્ટ, સૌની યોજના જેવા વિકાસ કાર્યોનો હવાલો આપી ઉમેર્યુ હતું કે લોકોએ ભાજપના વિકાસલક્ષી રાજકારણની તરફેણમાં મતદાન કર્યું છે. મતદાન પૂર્ણ થયા બાદ તમામ મતદારો તથા સમર્થકો, શુભેચ્છકો, કાર્યકર્તાઓ તથા સાથીદારો ઉપરાંત મીડિયાનો આભાર માનતા તેમણે વધુમાં જણાવ્યું હતું કે, મતદારોએ ભાજપ તરફી ભારે મતદાન કરી રાજકોટના વિકાસની ગતિને અખંડ રાખવા માટે મત આપ્યો છે.

### ઓછામાં ઓછી કેપ્ટરન સેલેરી ઈયોન મોર્ગનની તો સૌથી વધારે વિરાટ કોહલીની

# આઈપીએલમાં તમામ કેપ્ટનની સેલેરી પાંચ કરોડ ઉપર

નવી દિલ્હી,તા.૨૨

ભારતની લોકપ્રિય ટી-૨૦ લીગ આઈપીએલ તેની ૧૪મી સિઝન માટે તૈયાર છે. આ માટે ૧૮ ફેબ્રુઆરીએ ચેન્નાઈમાં પણ હરાજીની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી. બધી ટીમોએ મળીને કુલ ૫૭ ખેલાડીઓની પસંદગી કરી. આ દરમિયાન ખેલાડીઓએ પર પણ ભારે રૂપિયા વરસાવ્યા હતા. તેમાંથી દરેક ટીમના કેપ્ટનની સેલેરી પાંચ કરોડ કરતા વધારે છે. સૌથી વધારે સેલેરી વિરાટ કોહલીની તો સૌથી ઓછી ઈયોન મોર્ગનની છે.

**વિરાટ કોહલી**

ટીમ ઈન્ડિયાના કેપ્ટન વિરાટ કોહલી આઈપીએલમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરનું નેતૃત્વ કરે છે. તે હાલમાં આઈપીએલમાં સૌથી વધુ વેતન મેળવનાર ખેલાડી છે.

**મહેન્દ્રસિંહ ધોની**

ભારતના પૂર્વ કેપ્ટન અને દિગ્ગજ ખેલાડી મહેન્દ્ર સિંહ ધોની ચેન્નાઈ સુપર કિંગ્સનું નેતૃત્વ કરે છે. ધોની આઈપીએલના સૌથી સફળ કેપ્ટનોમાનો એક છે. તેનું વેતન ૧૫ કરોડ રૂપિયા છે.

**રોહિત શર્મા**

મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન રોહિત શર્માને રૂ .૧૫ કરોડની સેલરી મળે છે. તે આઈપીએલ ઈતિહાસમાં સૌથી સફળ કેપ્ટન છે.



**ડેવિડ વોર્નર**

ઓસ્ટ્રેલિયાના સ્ટાર ઓપનર અને સનરાઈઝર્સ હૈદરાબાદના કેપ્ટન ડેવિડ વોર્નરને ૧૨.૫ કરોડ રૂપિયા મળે છે.

**કેએલ રાહુલ**

વિશ્વના બીજા નંબરનો ટી-૨૦ ખેલાડી કેએલ રાહુલ પંજાબ કિંગ્સ (અગાઉ કિંગ્સ ઈલેવન પંજાબ)નો કેપ્ટન છે. રાહુલને ૧૧ કરોડ સેલરી મળશે.

**સંજુ સેમસન**

વિકેટકીપર બેટ્સમેન સંજુ સેમસનને આઈપીએલ ૨૦૨૧માં રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. આ સિઝનમાં તેને આઠ કરોડ રૂપિયા મળશે.

**શ્રેયસ અય્યર**

દિલ્હીની કેપિટલ્સના કેપ્ટન શ્રેયસ અય્યર માટે આઈપીએલની સફર ખૂબ જ શાનદાર રહી છે. ૨૦૨૧માં અય્યરને ૭ કરોડ રૂપિયા મળશે.

**ઈયોન મોર્ગન**

ઈંગ્લેન્ડના સ્ટાર ખેલાડી અને ટી-૨૦ કેપ્ટન ઈયોન મોર્ગનને ગયા સીઝનમાં કોલકાતા નાઈટ રાઈડર્સ દ્વારા ટીમની કમાન સોંપવામાં આવી હતી. તેમને ફ્રેન્ચાઈઝી દ્વારા ૫.૨૫ કરોડ રૂપિયાની રકમ સાથે સામેલ કરવામાં આવ્યા હતા અને તેને ૨૦૨૧માં પણ તે જ સેલરી મળશે.

# મેલબર્નમાં ફાઈનલમાં મેદવેદેવને હરાવી જોકોવિચ નવમી વખત બન્યો ચેમ્પીયન

મેલબર્ન,તા.૨૨

વર્લ્ડ નંબર-૧ સર્બિયાના નોવાક જોકોવિચે વર્લ્ડ નંબર-૪ રશિયાના ડેનિલ મેદવેદેવને હરાવીને ઓસ્ટ્રેલિયન ઓપન ટાઈટલ જીતી લીધુ છે. આ તેમનો રેકોર્ડ૯મો એવોર્ડ છે. આ પહેલા તે ૨૦૦૮, ૨૦૧૧, ૨૦૧૨, ૨૦૧૩, ૨૦૧૫, ૨૦૧૬, ૨૦૧૯ અને ૨૦૨૦માં પણ આ ગ્રેન્ડ સ્લેમ જીતી ચૂક્યા છે. જોકોવિચે મેદવેદેવને સતત સેન્ટોમાં ૭-૫, ૬-૨, ૬-૦થી હરાવી દીધો. જોકેવિચે આ ૧૮મો ગ્રેન્ડ સ્લેમ એવોર્ડ જીતી લીધો છે. તેઓ અત્યાર સુધીમાં કરિયરમાં ૯ ઓસ્ટ્રેલિયન ઓપન, ૫ વિમ્બલડન,



૩ યુએસ ઓપન અને ૧ ફ્રેન્ચ ઓપન જીતી ચૂક્યા છે. જોકોવિચે અત્યાર સુધીમાં કુલ ૧૭ વખત ઓસ્ટ્રેલિયન ઓપન ટુર્નામેન્ટ રમી છે. તેમાં તેઓ સૌથી વધુ વખત ચેમ્પિયન બન્યા છે. તે પછી રોજર ફેડરર અને રોય ઈમરસને ૬-૬ વખત અને આંદ્રે અગાસી, જેક ક્રોફોર્ડ અને કેન રોજવેલને ૪-૪ વખત આ એવોર્ડ પોતાના નામે કર્યો છે. જોકોવિચના આ ગ્રેન્ડ સ્લેમમાં ૯૦ ટકા વિનિંગ રેકોર્ડ છે. તેમણે અત્યાર સુધીમાં આ ટુર્નામેન્ટમાં ૮૩ મેચ રમી છે. તેમાંથી તેમને ૭૫માં જીત અને ૮ મેચમાં હાર મળી છે.

# ઈતિહાસમાં પ્રથમ વાર આઈપીએલમાં રમતા જોવા નહીં મળે શ્રીલંકાના પ્લેયરો

(જી.એન.એસ)કોલંબો,તા.૨૧

આઈપીએલના ઈતિહાસમાં એવુ પહેલવાર હશે જ્યારે શ્રીલંકાનો કોઈ ખેલાડી રમતો જોવા નહીં મળે. આ વર્ષે મિનિ ઓક્શનમાં શ્રીલંકાના ૯ ખેલાડીઓ સામેલ હતા. પરંતુ કોઈ પણ ફ્રેન્ચાઈસીએ તેમને ખરીદ્યા નથી. જેને લઈને શ્રીલંકાના પૂર્વ ખેલાડી અને આઈપીએલમાં મુંબઈ ઈન્ડિયન્સના કોચ જયવર્ધને નિરાશ છે. તેમણે કહ્યું કે કોઈ પણ ફ્રેન્ચાઈસીએ શ્રીલંકાના ખેલાડીને ન ખરીદ્યા તે ખુબ આઘાત જનક છે.



મુંબઈના કોચે એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, આ શ્રીલકાના ખેલાડીઓ માટે પણ એક શીખ છે. જો તેમણે આઈપીએલ(ન) માં રમવું હોય તો તેમણે પોતાની રમતને સુધારવી પડશે. તેમણે કહ્યું કે શ્રીલંકાના કેટલાક ખેલાડી જરૂર ફ્રેન્ચાઈસીની નજરમાં હતા, પરંતુ અહિયા સ્પર્ધા બહુ વધુ છે. આ વર્ષે ઓવરસીજ ખેલાડીઓ માટે બહુ વધારે ખાલી સ્લોટ નહોતા. મોટાભાગની ટીમો પાસે ફાસ્ટ બોલર અને ઓલરાઉન્ડર્સની જગ્યા ખાલી હતી. મને લાગે છે કે શ્રીલંકાના ખેલાડીઓ અહિયા ઘા ખાઈ ગયા.

શ્રીલંકાના પૂર્વ કેપ્ટનને આશા છે કે આવનારા સમયમાં યુવા ખેલાડી આ સ્થિતિને બદલશે, પરંતુ ત્યા સુધી આજ હકિકત છે. જો ભવિષ્યમાં શ્રીલંકાના ખેલાડીઓએ IPLમાં રમવું હશે તો પોતાની જાતને ઓલરાઉન્ડર તરીકે સાબિત કરવા પડશે.

# ઓક્શનમાં ઉમેશ યાદવની બોલી ફક્ત એક કરોડ થતા આશિષ નહેરા નારાજ

(જી.એન.એસ)ન્યુ દિલ્હી,તા.૨૧

ઈન્ડિન પ્રીમિયર લીગની સિઝન ૧૪ માટે તૈયારીઓ શરુ થઈ ગઈ છે. ત્યારે ૧૮ ફેબ્રુઆરીએ થયેલી ખેલાડીઓની હરાજીમાં આ વખતે ક્રિસ મોરિસ, મેક્સવેલ, કાઈલ જેમીસન જેવા ખેલાડીઓ પર મોટી બોલી લાગી હતી જ્યારે કેટલાક દિગ્ગજ ખેલાડીઓ સાવ ઓછી બોલી લાગી હતી. ભારતના અનુભવી ફાસ્ટ બોલર ઉમેશ યાદવને માત્ર એક કરોડ રૂપિયામાં જ ખરીદવામાં આવ્યો હતો. ત્યારે ઉમેશ યાદવ પર લગાવેલી બોલી પર ભારતના દિગ્ગજ ક્રિકેટર આશીષ નેહરાએ પોતાની નારજગી વ્યક્ત કરી છે. આશિષ નેહરાએ



સ્ટાર સ્પોર્ટ્સના એક કાર્યક્રમમાં કહ્યું હતું કે, જ્યારે રિચર્ડસન, કાયલ જેમીસન જેવા ખેલાડીઓની વાત આવે છે ત્યારે તેઓએ ન્યૂઝીલેન્ડ માટે સારું પ્રદર્શન કર્યું છે. પરંતુ ઉમેશ યાદવ જેવા ભારતીય ફાસ્ટ બોલરને માત્ર ૧ કરોડમાં ખરીદવું તે ખુબજ નિરાશાજનક છે અને આ અનુભવી ખેલાડી સાથે ન્યાય નથી.

તેમણે કહ્યું, 'મેં પહેલેથી જ કહ્યું હતું કે મિશેલ સ્ટાર્ક, મલિંગા જેવા ખેલાડીઓ લીગ અને વર્લ્ડ ક્રિકેટમાં સારું પ્રદર્શન કરી રહ્યા છે. પરંતુ અમે અહીં કોઈ નવા ખેલાડી વિશે વાત નથી કરી રહ્યા. ઉમેશ યાદવ સાથે આવું કેમ થયું તે મને સમજાતું નથી.

# દેશોમાં મોટા ભાગની મહિલાની કામુકતાને પાપ માનવામાં આવે છે



(જી.એન.એસ.)મુંબઈ,તા.૨૦

બોલિવૂડ અને ટીવી જગતની કન્ટેન્ટ ક્રિએટર એકતા કપૂર મહિલાઓના મુદ્દા પર ખૂબ જ હિંમતપૂર્વક પોતાના નિવેદન આપતી હોય છે. ટીવી ક્વિન એક્તા કપૂરનું કહેવું છે કે, દેશની મોટા ભાગની મહિલાઓ સેક્સુઅલિટીને પાપ માને છે. તેમણે કહ્યું કે, 'લિપસ્ટિક અન્ડર માય બુર્કા' 'ધ ડર્ટી પિકચર, 'ડોલી કિટી' 'વો ચમકતે સિતારે' જેવી સશક્ત મહિલા કેન્દ્રિત કહાણીઓને આગળ વધારવાનો સચેચ નિર્ણય કર્યો છે. એકતા કપૂરે સેક્સુઅલિટી મુદ્દે નિવેદન આપતા જણાવ્યું કે, મોટા ભાગના દેશોમાં મહિલાની કામુકતાને પાપ માનવામાં આવે છે. તેમણે જણાવ્યું હતુ કે, 'મને પણ એવું કહેવામાં આવ્યું છે કે, હું પણ સિરિયલ અને ફિલ્મમાં મહિલાને સાડી અને સિંદૂરમાં વધુ બતાવું છું. મહિલાનો જે રીતે વિકાસ થયો છે તે જોઈને કહી શકું કે, મહિલા સાડી પહેરે કે સ્વિમ શૂટ એ મહિલાની પોતાની મરજી હોવી જોઈએ. તેમણે જણાવ્યું કે, મહિલા તેમના પરિધાનની પસંદગીના કારણે સારી કે નરસી ન સાબિત થવી જોઈએ.

# બિગ બોસ-૧૪ ફાઈનલ : રૂબિના દિલૈક બની વિનર



મુંબઈ,તા.૨૨ : રુબીના દિલાઈક બિગ બોસ ૧૪ની વિનર બની છે. ૧૪૦ દિવસ સુધી જોવા મળેલી ઉગ્ર ચર્ચા, લડાઈ અને ડ્રામા પછી ફાઈનલમાં રુબીના દિલાઈક, રાહુલ વૈદ્ય, અલી ગોની, નિક્કી તમ્બોલી અને રાખી સાવંત પહોંચ્યા હતા જો કે રાખીએ ઓપ્શનમાં આપેલા ૧૪ લાખ રૂપિયા લઈને શો છોડી દીધો. બીજી તરફ તો અલી ગોનીને સૌથી ઓછા વોટ મળ્યા, જેના કારણે તે શોમાંથી બહાર થઈ ગયો. સલમાને રાખી અને અલીને બ્રેસ્લેટ ભેટમાં આપ્યા.

૫ સીઝન પહેલાં બિગ બોસમાં વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી કરનારી નોરા ફતેહીએ પણ પોતાના હિટ ડાન્સ નંબર્સ પર પર્ફોમન્સ આપ્યું. જેમાં સાકી, હાય ગર્મી જેવાં ગીત સામેલ હતા.સલમાને નોરા સાથે સાકી-સાકી સોંગ પર પર્ફોમ કર્યું. તે પર્ફોન્સમાં ડાન્સ મૂવ દેખાડતાં દેખાડતાં સીડીઓથી નીચે આવી ગયો હતો. રિતેશ દેશમુખે કહ્યું કે હું એક કેસના કારણે અહીં આવ્યો છું. તે બિગ બોસના ઘરમાં બનેલા થિયેટરમાં ગયા. તેને કહ્યું કે એક જ વિનર ૩૬ લાખ રૂપિયાની પ્રાઈઝ મની લઈને જશે. તેને કહ્યું કે બિગ બોસમાં તમને તક આપી છે કે તમે કંઈકને કંઈક લઈને જાવ. તેને તમામ પ્રતિસ્પર્ધકોને ઓપ્શન આપ્યા ૧૪ લાખ રૂપિયા લઈ જવાનો. ૧૦ સેકન્ડની ટાઈમ લિમિટમાં રાખી અને નિક્કીએ બઝર દબાવ્યું. પહેલું બઝર રાખીએ દબાવ્યું હતું તેથી તેને ૧૪ લાખ આપવામાં આવ્યા, પરંતુ તે વિનરની રેસમાંથી બહાર થઈ ગઈ. રાખી સાવંત ફાઈનલમાં પહોંચનારી બીજી સ્પર્ધક છે. ડિસેમ્બર ૨૦૨૦માં તે આ શોમાં ચેલેન્જર તરીકે આવી હતી. ફાઈનલમાં રાખીની મુલાકાત રિતેશ સાથે મુલાકાત કરાવવામાં આવી. જો કે તે રાખીના પતિ રિતેશ નહીં, પરંતુ એક્ટર રિતેશ દેશમુખ હતા.

ફાઈનલની પહેલાં ડિઝાઈનર અશ્લે રેબેલોએ શોમાં સલમાનના પ્રેઝન્ટેશનને લઈને ખુલાસો કર્યો. રેબેલોએ પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર વ્હાઈટ કલરનો સૂટ શેર કર્યો અને ફેન્સને હિંટ આપી છે કે સલમાન ફાઈનલ શોમાં વ્હાઈટ કલરના સૂટમાં નજરે પડશે, સલમાન શોમાં પણ આ લુકમાં જ પહોંચ્યો.



# કોમેડી ફિલ્મ 'વો લડકી હૈ કહાં?'માં તાપસી પન્નુ સાથે જોવા મળશે સ્કેમ ૧૯૯૨ ફેમ પ્રતિક ગાંધી



મુંબઈ,તા.૨૨

તાપસી પન્નુ એક પછી એક ફિલ્મ સાઈન કરી રહી છે. હવે તાપસી પન્નુ 'વો લડકી હૈ કહાં?'માં જોવા મળશે. આ ફિલ્મમાં તેની સાથે વેબ સિરીઝ 'સ્કેમ ૧૯૯૨'થી લોકપ્રિય બનનાર પ્રતીક ગાંધી છે. આ ફિલ્મને સિદ્ધાર્થ રોય કપૂરે પ્રોડ્યુસ કરી છે. ફિલ્મને અરશદ સૈયદ ડિરેક્ટ કરશે. આ એક ઈન્વેસ્ટિગેટિવ કોમેડી છે. ફિલ્મમાં પ્રતીક ગાંધી બગડેલા નબીરાનો રોલ ભજવશે અને તાપસુ પન્નુ ચુલબુલી પોલીસ અધિકારી છે. આ ફિલ્મથી અરશદ સૈયદ ડિરેક્ટર તરીકે ડેબ્યુ કરી રહ્યા છે.

પ્રોડ્યુસર સિદ્ધાર્થ રોય કપૂરે કહ્યું હતું, 'જ્યારે અરશદે અમને તેમની આકર્ષક તથા ફની પટકથા સંભળાવી તો અમને ખ્યાલ આવી ગયો કે આ ફિલ્મ તો બનવી જ જોઈએ. અમે તાપસી સાથે કામ કરવા માટે ઉત્સાહી છીએ. તે સ્ક્રીન પર એકદમ એનર્જી લાવી દે છે. પ્રતીકે 'સ્કેમ ૧૯૯૨'થી પોતાની કમાલની એક્ટિંગ બતાવીને આપણને આશ્ચર્યમાં મૂકી દીધા છે.'

ફિલ્મ અંગે તાપસી પન્નુએ કહ્યું હતું, 'અરશદે લખેલી વાર્તા ઘણી જ કમાલની છે. મારું પાત્ર ઘણું જ પસંદ આવ્યું હતું. પ્રોડ્યુસર સિદ્ધાર્થ કપૂર તથા પ્રતીક સાથે કામ કરવા આતુર છું. પ્રતીકની 'સ્કેમ ૧૯૯૨' ઘણી જ ગમી હતી.'

મ નો
રોય
મને

પ્રતીક ગાંધીએ કહ્યું હતું, 'હું આ ફિલ્મનો હિસ્સો બનીને ખુશ છું. તાપસી, અરશદ તથા સિડની ટીમ સાથે કામ કરવા ઉત્સુક છું. હું 'સ્કેમ' પછી કંઈક અલગ કરવા માગતો હતો. આ પાત્ર મારી અપેક્ષાએ ખરું ઊતર્યું છે. મને વિશ્વાસ છે કે આ ફિલ્મ ઘણી જ સારી બનશે અને શૂટિંગ ક્યારે શરૂ થાય એની આતુરતાથી રાહ જોઉં છું.'

ડિરેક્ટર અરશદ સૈયદ હાલમાં ફિલ્મના અન્ય કલાકારોની પસંદગી કરી રહ્યા છે. આ પહેલાં તેમણે 'અદાલત', 'સ્ટુડન્ટ ઓફ ધ યર ૨', વેબ સિરીઝ 'બ્રીધ:ઈનટુ ધ શેડો' લખી હતી.

તાપસી પન્નુના વર્કફ્રન્ટની વાત કરીએ તો તે 'હસીન દિલરુબા', 'જન ગન મન', 'રશ્મિ રોકેટ', 'લૂપ લપેટા', 'દોબારા' તથા 'શાબાશ મિઠુ'માં કામ કરી રહી છે.

સત્ય માટે, સત્ય સાથે સતત..
ચક્રવાત

# લુવારા પ્રકરણમાં પોલીસ કોન્સ્ટેબલ સસ્પેન્ડ, તપાસ સી.આઈ.ડી. ક્રાઈમના હવાલે કરાઈ

### કાઠી-ક્ષત્રિય સમાજના અગ્રણીઓની રતાબાપના આશ્રમે મળેલ બેઠકમાં હાલ આંદોલન સ્થગીત કરવા નિર્ણય કરાયો




### કરણી સેનાના આગેવાનોએ રાજ્ય સરકાર સાથે યોજેલ બેઠક બાદ મતદાન બહિષ્કારનો નિર્ણય મુલત્વી

ચક્રવાત ટીમ રાજકોટ તા.૨૨

અમરેલી જિલ્લાનાં સાવરકુંડલા નજીક આવેલ લુવારાની અમાનવીય ઘટના સામે સમગ્ર કાઠી-ક્ષત્રિય સમાજ દ્વારા ઉઠાવવામાં આવેલ માંગણીઓ બાદ લાંબા ગાળે સરકાર દ્વારા આ સમગ્ર પ્રકરણની તપાસ રાજ્યનાં સી.આઈ.ડી. ક્રાઈમને સોપવા તેમજ આ પ્રકરણમાં દોષિત મનાતા એ પોલીસ કોન્સ્ટેબલને સસ્પેન્ડ કરવામાં આવતા રાજ્ય સરકાર દ્વારા લેવાયેલ નિર્ણય બાદ ક્ષત્રિય-કાઠી સમાજ દ્વારા તેમના જાહેર કરાયેલ આગામી કાર્યક્રમો તા. ૨૭ સુધી સ્થગિત કરેલ છે.

લુવારાની ઘટના બાદ પોલીસ તંત્રની કામગીરી વિરૂધ્ધ કાઠી-ક્ષત્રિય સમાજ દ્વારા ન્યાય માટે આંદોલનાત્મક કાર્યક્રમો તેમજ સંમેલનો યોજી સરકાર અને તંત્રને ઢંઢોળવાનાં પ્રયાસો હાથ ધરેલ જે સંદર્ભે સમાજના આગેવાનોએ ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી તેમજ ગૃહ રાજ્યમંત્રી સાથે યોજાયેલ બેઠકમાં રાજ્ય સરકાર દ્વારા સમાજના આગેવાનોને ન્યાય અપાવવા ખાત્રી ઉચ્ચારી હતી. ત્યાર બાદ ક્ષત્રિય-કાઠી સમાજ દ્વારા તેના આગામી જાહેર કરાયેલા આંદોલનાત્મક કાર્યક્રમ ચૂંટણી બહિષ્કાર તથા ઘેરાવના કાર્યક્રમો હાલ સ્થગિત જાહેર કરેલ છે.

# ગુજરાત મુખ્ય સચિવ અનીલ મુકિમને મળ્યું વધુ છ મહીનાનું એક્સટેન્શન

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૨

રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકીમને વધુ ૬ મહિનાનું એક્સટેન્શન આપવામાં આવ્યું છે. રાજ્ય સરકાર હાલના મુખ્ય સચિવનો કાર્યકાળ વધુ એક વખત લંબાવ્યો છે. રાજ્ય સરકારે મુકીમને એક્સટેન્શન આપવા માટેની દરખાસ્ત કેન્દ્ર સરકારને મોકલી હતી. જેના પર કેન્દ્ર સરકારે મહોર મારી દીધી હોવાનું સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. ૧૯૮૫ બેચના IAS અધિકારી મુકીમ આઠ મહિનાથી વધુ સમયથી મુખ્ય સચિવ પદે છે અને સરકારમાં તેમના મિતભાષી સ્વભાવને કારણે બધાંની સાથે ફાવી ગયું છે. આમ હવે તેઓ ઓગષ્ટ ૨૦૨૧ સુધી રાજ્યના મુખ્ય સચિવ પદે રહેશે. તેઓ ૨૮ ફેબ્રુઆરીએ નિવૃત્ત થઈ રહ્યાં હતાં.



મુખ્ય સચિવપદે મુકીમનો કાર્યકાળ ત્રીજી વાર વધવા પાછળનુ મુખ્ય કારણ એ છે કે તેઓ વડાપ્રધાન મોદીની ગુડબુકમાં છે.ગુજરાત વહિવટી સેવામાં હજુ સુધી તેમનો વિકલ્પ મળ્યો નથી તે પણ એક કારણ હોઈ શકે છે.કોરોનાને કારણે અનિલ મુકિમને ઓગષ્ટ ૨૦૨૦માં છ મહિના માટે એક્સટેન્શન મળ્યું હતું.

# રાજકોટમાં આજે જુદા-જુદા છ સ્થળોએ કરાશે મતગણતરી : સૌની નજર પરિણામ પર

(જી.એન.એસ.)રાજકોટ,તા.૨૨

રાજકોટ મનપાની ચૂંટણી ગઈકાલે યોજાયા બાદ હવે આજ રોજ મતગણતરી થશે. અને કોને શિરે સતાનો તાજ આવશે તેના પર સૌની મીટ મંડાઈ છે. રવિવારે રાજકોટનું મતદાન ૫૦.૭૫ ટકા નોંધાયું છે જે ગત વર્ષ ની સરખામણી એ લગભગ એકાદ ટકા જેવું ઓછું જોવા મળ્યું હતુ વર્ષ ૨૦૧૫ની ચૂંટણીમાં ૪૯.૫૩ ટકા મતદાન થયું હતું. જેના પરિણામમાં ભાજપને ૩૮ અને કોંગ્રેસને ૩૪ સીટો મળી હતી અને સતા પર ભાજપનું શાસન આવ્યું હતું. પરંતુ આ વર્ષે મનપાની ચૂંટણીમાં ત્રિપાખ્યો જંગ હોઈ આપ પણ ચૂંટણી મેદાનમાં ઉતર્યું છે. આજે ૫ વર્ષની મહાનગરપાલિકાની



સીટ પરનું ભવિષ્ય કોના હાથમાં જશે તે નક્કી કરવામાં આવશે. અને આવતીકાલે શહેરના જુદા-જુદા ૬ સ્થળોએ મતગણતરી કરવામાં આવશે. જેમાં ૬ સ્થળોએ ૧૧ થી ૧૪ રાઉન્ડમાં ૯૮૨ લોકોનો ચૂંટણી સ્ટાફ મતગણતરી કરશે. મનપાની તમામ ૭૨ બેઠકનું આવતીકાલે બપોર સુધીમાં ચિત્ર સ્પષ્ટ થઈ જશે.

### શહેરમાં ક્યાં ક્યાં સ્થળોએ થશે મતગણતરી?

- » વોર્ડ-૧થી ૩- વીરબાઈ મહિલા કોલેજ- ૧૨ રાઉન્ડ
- » વોર્ડ-૪થી ૬- એ.એસ.ચૌધરી ઈસ્કુલ- ૧૨ રાઉન્ડ
- » વોર્ડ-૭થી ૯- એસ.વી.વિરાણી હાઈસ્કુલ- ૧૨ રાઉન્ડ
- » વોર્ડ-૧૦થી ૧૨- એવીપીટીઆઈ- ૧૨ રાઉન્ડ
- » ૧૭૦નો સ્ટાફ- વોર્ડ-૧૩થી ૧૫
- » પી.ડી.માલવીયા કોલેજ- ૧૧ રાઉન્ડ
- » વોર્ડ-૧૬થી ૧૮- રણછોડદાસજી કોમ્યુનિટી- ૧૪ રાઉન્ડ

# વિધાનસભા બજેટ માટે ગાઈડલાઈન મુજબ ખાસ વ્યવસ્થા કરાઈ : પ્રેક્ષકોને પ્રવેશબંધી

### ૭૦ લાખથી વધુના ખર્ચે મુકાશે નવી ખુરશીઓ : પ્રેક્ષક ગેલેરીમાં બેસશે ધારાસભ્યો



(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૨

વિધાનસભામાં પહેલી માર્ચથી બજેટ સત્ર શરૂ થવા જઈ રહ્યું છે ત્યારે અત્યારથી જ તેની તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ખાસ કરીને કોરોના ગાઈડલાઈનને ધ્યાને રાખી સોશિયલ ડિસ્ટનસ સંદર્ભે ખાસ બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. જેના પગલે આ વખતે પ્રેક્ષકોને વિધાનસભામાં પ્રવેશ નહીં મળે. બજેટસત્રના પ્રારંભ પૂર્વે વિધાનસભા ગૃહમાં અત્યારથી તૈયારીઓનો ધમધમાટ શરૂ કરી દેવાયો છે, જે અંતર્ગત ધારાસભ્યોને બેસવા માટે ખાસ અલગ વ્યવસ્થા કરવામાં આવી છે. ગત વખતના સપ્ટેમ્બરમાં મળેલા ચોમાસુ સત્રમાં સોશિયલ ડિસ્ટન્સ ને ધ્યાનમાં રાખી કેટલાક ધારાસભ્યોને પ્રેક્ષક ગેલેરીમાં બેસાડવામાં આવ્યા હતા, પરંતુ પ્રેક્ષક ગેલેરીની ખુરશીઓ ધારાસભ્યોને માફક આવી ન હતી. સાથે જ ગેલેરી માં માઈકની વ્યવસ્થા પણ અલગથી કરવી પડી હતી. જોકે હવે સમૂળગી બેઠક વ્યવસ્થા બદલી નાખવામાં આવી છે. આ માટે ૭૦ લાખથી વધુ રકમનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે વિધાનસભા ગૃહમાં આ વખતે ધારાસભ્યોને સોશિયલ ડિસ્ટન્સ સાથે બેસાડવા પ્રેક્ષક ગેલેરીમાં રહેલી તમામ ખુરશીઓ બદલી નાખવામાં આવી છે. સાથેજ જે પ્રકારની માઈક સાથે ની ખુરશીઓ ની બેઠક વ્યવસ્થા ગૃહમાં છે તે જ પ્રકારની માઈક સાથે ની ખુરશીઓ હવે પ્રેક્ષક દીર્ઘામાં મુકવામાં આવી રહી છે. તમામ ત્રણ પ્રેક્ષક ગેલેરી માં ખુરશીઓ મુકાઈ રહી છે જેમાં ધારાસભ્યો સત્ર દરમિયાન બેસશે. જેના પગલે આ વખતે પ્રેક્ષકો ને વિધાનસભા માં પ્રવેશ નહિ મળી શકે. સપ્ટેમ્બર-૨૦૨૦માં મળેલા ચોમાસુ સત્રમાં કેટલાક ધારાસભ્યોને પ્રેક્ષક ગેલેરીમાં બેસાડાયેલા પણ ત્યારે સત્ર ટુંકુ હોવાના કારણે પ્રેક્ષક ગેલેરીમાં ખુરશીમાં લાંબો સમય બેસી રહેવાથી પડી રહેલી અગવડતા ધારાસભ્યોએ ચલાવી લીધી હતી.

# એક જ દિવસે મતગણતરી કરવાની કોંગ્રેસની રિટ સુપ્રિમ કોર્ટ દ્વારા ફગાવવામાં આવી

(જી.એન.એસ.)ગાંધીનગર,તા.૨૨

રાજ્યમાં યોજેયાલી મહાનગરપાલિકાઓની સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પરિણામની મતગણતરી એક જ દિવસે કરવાની અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી છે. સુપ્રિમ કોર્ટમાં કોર્પોરેશન અને નગરપાલિકાઓ તેમજ જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની ચૂંટણીની મતગણતરી એક જ દિવસે યોજવા માટે અરજી કરવામાં આવી હતી. જોકે, આ અરજી સુપ્રિમ કોર્ટે ફગાવી છે. મતગણતરી ચૂંટણી પંચે જાહેર કરેલી ૨૩મી તારીખે જ થશે. મનપાની ચૂંટણીની મતગણતરી ૨૩મી ફેબ્રુઆરીએ થશે. અગાઉ સ્થાનિક સ્વરાજની ચૂંટણીની મતગણતરી એક જ તારીખે રાખવાની માગ સાથે થયેલી અરજીને ગુજરાત હાઈકોર્ટે પણ ફગાવી હતી. આ અરજીના સંદર્ભમાં ચૂંટણીપંચે હાઈકોર્ટમાં પોતાનો જવાબ રજૂ કરતા જણાવ્યું હતું કે, મતગણતરી અલગ અલગ દિવસે થાય તેમાં અરજદારનો કોઈ કાનૂની કે બંધારણીય અધિકાર છીનવાતો નથી, તેથી અરજદારોની પિટિશન ટકવાપાત્ર નહીં હોવાની રજૂઆત ચૂંટણીપંચે કરી હતી.

અગાઉ આ મામલે હાઈકોર્ટમાં સોગંદનામામાં ચૂંટણીપંચે જણાવ્યુ હતું કે, ગ્રામિણ વિસ્તારો અને શહેરી વિસ્તારોની સમસ્યાઓ અને જરૂરિયાતો અલગ-અલગ છે અને તેથી ગ્રામિણ વિસ્તારના મતદાર અને



શહેરી વિસ્તારના મતદારના પ્રશ્નો પણ અલગ અલગ છે. અરજદારોએ પોતાના રાજકીય હેતુ બહાર લાવવા માટે આ અરજી કરી છે. જોકે, આ મુદ્દે હાઈકોર્ટે અરજદારની અરજી ફગાવી હતી. હાઈકોર્ટે આ અરજી ફગાવ્યા બાદ કોંગ્રેસ પાર્ટી દ્વારા આ મુદ્દે સુપ્રિમના દ્વાર ખખડાવવામાં આવ્યા છે.

આ અરજીને સુપ્રિમ પણ ફગાવી છે અને ચોક્કસ જવાબો પણ આપ્યા છે. આ મુદ્દે કોંગ્રેસ પક્ષે નરેન્દ્ર રાવતે જણાવ્યું હતું કે આ 'કોંગ્રેસ પક્ષ માટે ફટકો નથી લોકશાહી માટે ફટકો છે, બે ચૂંટણીના પરિણામો હોય તે અલગ અલગ તારીખે થાય અને બંને વચ્ચે એક ચૂંટણીનો ગેપ હોય તો પરિણામો પ્રભાવિત થાય છે. સુપ્રિમ કોર્ટના બેવડા નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરું છું. આ મામલે ભાજપના પ્રવક્તા યમલ વ્યાસે જણાવ્યું હતું કે 'ભારતીય જનતા પાર્ટી સુપ્રિમના નિર્ણયનો સ્વીકાર અને આવકાર કરે છે. જોકે, ભાજપ ક્યારેય પરિણામની તારીખોનું ચિંતા નથી કરતું. અમને વિશ્વાસ છે પરિણામો અમારી તરફેણમાં છે.

# યોગી સરકારનું બજેટ જાહેર : ચૂંટણી આવતા ખેડૂતોને આકર્ષવા મોટી જાહેરાતો

### અયોધ્યા માટે ૧૪૦ કરોડ ફાળવાયા

(જી.એન.એસ.)લખનઉ,તા.૨૨

નાણા મંત્રી સુરેશ કુમારે સોમવારે યોગી સરકારનું પાંચમુ બજેટ રજૂ કર્યું હતું જેમાં ખેડૂતોને આકર્ષવા માટેની અનેક જાહેરાતો સામેલ છે. સુરેશ કુમારે સદનમાં ૫,૫૦,૨૭૦ કરોડનું ભારે ભરખમ બજેટ રજૂ કર્યું હતું. યુપી સરકારનું આ બજેટ યુવાનો, ખેડૂતો અને મહિલાઓ પર કેન્દ્રિત છે. તેના પહેલા સોમવારે સવારે મુખ્યમંત્રી આવાસ ખાતે યોગી આદિત્યનાથની અધ્યક્ષતામાં યોજાયેલી કેબિનેટની બેઠકમાં યુપી બજેટ ૨૦૨૧-૨૨ને મંજૂરી આપવામાં આવી હતી.



ઉત્તર પ્રદેશમાં ૩ વર્ષમાં ઓપરેશનલ એરપોર્ટ્સની સંખ્યા ૪થી વધીને ૭ થઈ ગઈ છે. જનપદ અયોધ્યામાં નિર્માણાધીન એરપોર્ટનું નામ મર્યાદા પુરૂષોત્તમ શ્રીરામ વિમાનમથક અયોધ્યા રાખવામાં આવશે અને તેના માટે ૧૦૧ કરોડ રૂપિયાનું બજેટ પ્રસ્તાવિત કરવામાં આવ્યું છે. કાનપુર મેટ્રો રેલ પરિયોજના માટેનો અંદાજિત ખર્ચ ૧૧,૦૭૬ કરોડ રૂપિયા છે. નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ના બજેટમાં પરિયોજના માટે ૫૯૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. અયોધ્યામાં એરપોર્ટ માટે ૧૦૧ કરોડ રૂપિયાની ઘોષણા કરવામાં આવી. જેવર એરપોર્ટ માટે ૨,૦૦૦ કરોડ. આ સાથે જ ચિત્રકૂટ અને સોનભદ્ર એરપોર્ટ ખાતે ૨૦૨૧ના વર્ષમાં હવાઈ સેવાઓનું સંચાલન શરૂ કરવાનો દાવો કરાયો.

નાણા મંત્રીએ અયોધ્યા સ્થિત સૂર્યકુંડના વિકાસ સહિત અયોધ્યા નગરીના સર્વાંગી વિકાસ માટે બજેટમાં ૧૪૦ કરોડ રૂપિયાની વ્યવસ્થાનો પ્રસ્તાવ જણાવ્યો હતો. તે સિવાય લખનૌમાં રાષ્ટ્રીય પ્રેરણા સ્થળના નિર્માણ માટે ૫૦ કરોડ રૂપિયાની ઘોષણા કરવામાં આવી છે.

# વડતાલ સ્વામિ. મંદિરના સંત સામે પરિણીતાને ભગાડી ગયાની ફરિયાદ

(જી.એન.એસ.)વડતાલ,તા.૨૨

વડતાલ સ્વામીનારાયણ મંદિરમાં વર્ષોથી આચાર્ય પક્ષ અને દેવ પક્ષ વચ્ચે મંદિરના સંચાલનને લઈને ઝઘડો ચાલી રહ્યો છે.આ ઝગડો સાધુની હત્યા અને હત્યાના પ્રયાસ સુધીપહોંચ્યો છે.ત્યારે હવે આ જ મંદિરના સાધુની એક કરતૂત સામે આવી છે. જેને લઈને વડતાલ સ્વામીનારાયણ મંદિર ફરી એકવાર વિવાદમાં આવ્યું છે. મંદિરના સ્વામી ૨૬ વર્ષીય પરિણીતા સાથે ફરાર થઈ ગયા હોવાનું સામે આવ્યું છે. તેવો આક્ષેપ મહિલાના પતિએ લગાવ્યા છે. મહિલાના પતિનો આક્ષેપ છે કે સ્વામી મારી પત્ની સાથે ભાગી ગયા છે. આ મામલે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ કરવામાં આવી છે. મહિલાના પતિએ પોલીસ પર પણ આક્ષેપ કરતા કહ્યું છે કે પોલીસ કોઈ પગલાં નથી ભરી રહી. મહિલાના પતિએ એવી પણ આશંકા વ્યક્ત કરી છે કે સ્વામી પોતાની હવસ સંતોષાયા બાદ તેની પત્નીની હત્યા કરીને લાશ સગેવગે કરી દેશે. વડતાલ સ્વામીનારાયણ મંદીરનો વધુ એક વિવાદ સામે આવ્યો છે ત્યારે મંદિરના આસપાસના વિસ્તારમાંથી એક ૨૬ વર્ષની પરિણીતા ગુમ થઈ છે. મહિલા ગુમ થઈ હતી તે દિવસથી જ મંદિરના મુખ્ય કોઠારી આધારસ્વરૂપ સ્વામી પણ ગુમ થયા છે. જે બાદ હિલાના પતિએ આક્ષેપ લગાવ્યો છે કે આધારસ્વરૂપ સ્વામી જ તેની પત્નીને લઈને ફરાર થયા છે. મંદિરના તંત્રએ જ્યારે સ્વામીના રૂમની તપાસ કરી તો ત્યાંથી સ્વામીનો સામાન પણ ગાયબ થયો હતો.

# મતગણતરી માટે માર્ગદર્શિકા જાહેર

(જી.એન.એસ.)અમદાવાદ,તા.૨૨

કોરોના મહામારી વચ્ચે અમદાવાદ, સુરત, વડોદરા સહિત ૬ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે રવિવારે મતદાન યોજાયું હતું. પરંતુ મતદારોમાં મતદાનને લઈ નીરસતા જોવા મળી. ચૂંટણીપંચે રાતે છ કોર્પોરેશનમાં સરેરાશ ૪૮% ટકા મતદાન થયાનું જાહેર કર્યુ હતું. મતદાન નવેમ્બર- ૨૦૧૫ કરતાં બે ટકા વધુ છે. અને આજે મતગણતરી હાથ ધરવામાં આવશે. જેને લઈને માર્ગદર્શિકા પણ જાહેર કરવામાં આવી છે. મતગણતરી કેન્દ્ર ખાતે કાયદો અને વ્યવસ્થા, સી.સી.ટી.વી. કેમેરા, જરુરી સુચનાઓ સાથેના સાઈન બોર્ડ, સુવિધાઓ, પારદર્શિતા સાથે ચૂંટણી પંચની માર્ગદર્શિકા અનુસારની તમામ વ્યવસ્થા કરવામાં



આવી છે. જણાવી દઈએ કે રાજ્યની ૬ મનપામાં ગઈકાલના રોજ મતદાન યોજાયું હતું. જે ૪૮% રહ્યું હતું. જે પૈકી સૌથી વધુ મતદાન જામનગરમાં અને સૌથી ઓછુ મતદાન અમદાવાદમાં રહ્યું હતું.

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે. કોરોનાને લઈ માર્ગદર્શિકાનું પાલન કરવુ પડશે. મતગણતરી માટે એક હોલમાં ૭ ટેબલ જ ગોઠવવામાં આવશે. મતગણતરીમાં રોકાયેલ તમામ સ્ટાફે માસ્ક ફરજિયાત પહેરવું પડશે. આ ઉપરાંત થર્મલ ગન તેમજ હોલને સેનેટાઈઝ કરવો પડશે. મત ગણતરી એજન્ટ સંક્રમિત જણાય તો અન્ય એજન્ટ નિમી શકાશે. સોશિયલ ડિસ્ટન્સ જળવાય તે પ્રકારે આયોજન કરવું પડશે અને મત ગણતરી સ્થળ પર યોગ્ય પબ્લિક એડ્રેસ સિસ્ટમ ગોઠવવા સૂચના આપવામાં આવી છે.

રાજકોટ મનપા ચૂંટણીમાં મતગણતરીમાં ટેબલો વધારવા આવ્યા છે. કોરોના કારણે ટેબલો વધારવામાં આવ્યા છે. ૭ ટેબલ પર મત ગણતરીની બદલે હવે ૧૪ ટેબલો પર મતગણતરી થશે. ટેબલો વધતાં પરિણામ પણ ઝડપી આવશે. ૬ સ્થળ પર મત ગણતરીનું આયોજન કરવામાં આવ્યું છે.







# આણંદમાં એક જ પરિવારના ત્રણ સભ્યોના આપઘાતથી ખળભળાટ

(જી.એન.એસ.)આણંદ,તા.૨૨

ગુજરાતમાં આજે વધુ એક સામુહિક આપઘાતના કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આણંદના રાસનોલમાં એક પરિવારે સામુહિક આપઘાત કરવા માટે ગળેફાંસો ખાઈ લેતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી જવા પામે છે. સામુહિક આપઘાતના આ કિસ્સામાં પરિવારનાં બે સભ્યોનાં મોત થયા છે, જ્યારે એક વ્યક્તિનો બચાવ થયો છે. આ મામલે ખંભોળજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જો કે આ આત્મહત્યા કયા કારણોસર કરવામાં આવી છે તેનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી.

Chakrvat (morning Daily): owner, publisher & printer : kalavadia jignesh Bhimjibhai,published at : 301/D, jivrajnagari, Ambika township,nr. Nana mava, Rajkot.printed at : Azad sandesh printing press, Navagam, Rajkot.,Editor : Yakub rahemanbhai badi*(responsible for news editing)